RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ માગસર વદ - ૮ | શુક્રવાર, તા.૧૨-૧૨-૨૦૨૫ | અંક : ૨૯૬ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# જાપાનમાં ૬.૭ની તીવ્રતાનો ભૂકંપ : સુનામીની ચેતવણી

## જાપાનના ઉત્તરપૂર્વ વિસ્તારમાં દરિયાની અંદર આવેલ ભૂકંપના પગલે લોકો ઘરની બહાર દોડી આવ્યા

ટોકિયો

જાપાનમાં આજે વહેલી સવારે એક જોરદાર ભૂકંપ અનુભવાયો હતો. ભૂકંપની તીવ્રતા ૬.૭ માપવામાં આવી હતી. સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. આજે સવારે જાપાનમાં ફરી એક ભૂકંપના કારણે ગભરાટ ફેલાયો હતો. જાપાનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ભારતીય સમય મુજબ સવારે ૮:૧૪ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની તીવ્રતા ૬.૭ માપવામાં આવી હતી. સુનામીની



ચેતવણી પણ જારી કરવામાં આવી છે.જાપાન હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, શુક્રવારે દેશના ઉત્તરપૂર્વ ભાગમાં રિક્ટર સ્કેલ પર ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ બાદ સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી હતી. નુકસાન વિશે તાત્કાલિક કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી.

એવું કહેવામાં આવી રહ્યું છે કે દરિયામાં ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે તેનાથી દરિયાકાંઠાના વિસ્તારોથી લઈને દૂરના શહેરોમાં પણ ગભરાટ ફેલાઈ ગયો હતો. તેની ઊંડાઈ ૧૦.૭ કિલોમીટર હોવાનું જાણવા મળે છે. ભૂકંપ દરિયાકાંઠાની નજીક આવ્યો હતો, અને તીવ્ર આંચકાના કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર દોડવા લાગ્યા હતા.

## આંધ્રપ્રદેશમાં બસ ખીણમાં ખાબકતા ૧૦ મુસાફરોના મોત

ચિત્તુર,

આંધ્રપ્રદેશમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. ચિત્તૂરમાં ૩૫ મુસાફરો ભરેલી બસ ખીણમાં પડી ગઈ હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થઈ ચુક્યા છે. વળી, ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. માર્ગ પરથી પસાર થતા એક વ્યક્તિએ પોલીસને અકસ્માતની સૂચના આપી હતી. પોલીસે જાણકારી મળતાની સાથે જ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## ઈન્ડિગો સંકટ મામલે ચાર ફ્લાઈટ ઈન્સ્પેક્ટરોને બરતરફ કરવામાં આવ્યા

### ઈન્ડિગોના ફ્લાઈટ શેડ્યુલમાં કાપ મુકાયા બાદ નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયની મોટી કાર્યવાહી

નવી દિલ્હી,

ઈન્ડિગોના ઓપરેશનલ કટોકટીના ૧૧માં દિવસે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયએ ઈન્ડિગોના ચાર ફ્લાઈટ ઈન્સ્પેક્ટરોને દૂર કર્યા છે. આ પગલું ઈન્ડિગો દ્વારા તાજેતરના કટોકટીથી પ્રભાવિત મુસાફરો માટે વધારાના વળતરની જાહેરાત અને રિફંડ આપ્યા પછી ભરવામાં આવ્યું છે. ઈન્ડિગોના સી.ઈ.ઓ.પીટર એલ્બર્સ પણ ગુરુવારે બીજી વખત DGCA સમક્ષ હાજર થયા હતા.આ ઈન્સ્પેક્ટર ઈન્ડિગો માટે મુખ્ય કામગીરી નિરીક્ષક તરીકે નિયુક્ત હતા અને એરલાઇન પાસે નિયત સંસાધનો, ખાસ કરીને ક્રૂની સંખ્યા છે કે નહી તેની દેખરેખ રાખવા માટે જવાબદાર હતા.આ તમામ ઈન્સ્પેક્ટરો ઈન્ડિગોની ફ્લાઈટ્સની સુરક્ષા અને સંચાલન સંબંધિત તપાસ સાથે સંકળાયેલા હતા. તેમની મુખ્ય જવાબદારી એરલાઈન્સ, ખાસ કરીને ઈન્ડિગોની સુરક્ષા અને ઑપરેશનલ ઓવરસાઈટ કરવાની હતી.

## ઉત્તરપ્રદેશ કફ સીરપ કૌભાંડ મામલે ઈડીના એક સાથે ૨૫ સ્થળોએ દરોડા

### ઈડીની ટીમોએ લખનૌ, વારાણસી, જૌનપુર, સહારનપુર અને રાંચીમાં વિવિધ સ્થળોએ દરોડા પાડી તપાસ હાથ ધરી

લાખનો,

ઉત્તર પ્રદેશના કફ સિરપ કૌભાંડના સંદર્ભમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમોએ આજે સવારે ૨૫ સિન્ડિકેટ સ્થળો પર દરોડા પાડવાનું શરૂ કર્યું. ઈડીની ટીમોએ લખનૌ, વારાણસી, જૌનપુર, સહારનપુર અને રાંચીમાં સ્થળોએ દરોડા પાડ્યા. તેમણે લખનૌમાં આરોપી આલોક સિંહના પરિસરમાં પણ દરોડા પાડ્યા.

આ પહેલા, કૃષ્ણનગર પોલીસે સ્નેહનગર, કૃષ્ણનગરના રહેવાસી દીપક મનવાણીના બે સહયોગીઓ, સૂરજ મિશ્રા અને પ્રીતમ સિંહની ધરપકડ કરી હતી, જેમની ૧૧ ઓક્ટોબરે લખનૌમાં કોડીન યુક્ત સીરપ, ગોળીઓ, કેપ્સ્યુલ્સ અને ઈન્જેક્શનના કાળાબજારના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. આરોપીના એક સાથી, આરુષ સક્સેનાની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી. પોલીસ ટીમો તેની શોધ કરી રહી છે.

કૃષ્ણનગરના એસીપી રજનીશ વર્માએ જણાવ્યું હતું કે ૧૧ ઓક્ટોબરે ડ્રગ્સ વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમે સ્નેહનગરના રહેવાસી દીપક મનવાણીના ઘરે દરોડો પાડ્યો હતો અને કોડીન યુક્ત સીરપ, ગોળીઓ, કેપ્સ્યુલ્સ અને ઈન્જેક્શનનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. દીપકની ધરપકડ કર્યા પછી, કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન, દીપકે ખુલાસો કર્યો કે તે સૂરજ અને પ્રીતમ પાસેથી ઉપરોક્ત દવા ખરીદતો હતો અને તેને ડ્રગ વ્યસનીઓને વેચતો હતો. આરોપી સૂરજ અને પ્રીતમને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા. પોલીસ ટીમ બંનેની શોધ કરી રહી હતી.

## કોંગ્રેસ નેતા અને પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજ પાટિલનું ૯૦ વર્ષની વયે નિધન

### મુંબઈ હુમલા બાદ ગૃહમંત્રી પદેથી રાજીનામુ આપનાર પાટિલ લાતૂર લોકસભા બેઠક પરથી સાત વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા

નવી દિલ્હી

કોંગ્રેસના કદાવર નેતા અને પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજ પાટિલનું શુક્રવારે લાતૂરમાં ૯૦ વર્ષની વયે નિધન થઈ ગયું. તેમણે સવારે લગભગ ૬:૩૦ વાગ્યે તેમના ઘરે અંતિમ શ્વાસ લીધા. તે લાંબા સમયથી બીમાર હતા અને ઘરે જ તેમની સારવાર ચાલી રહી હતી. શિવરાજ પાટિલે તેમની લાંબી રાજકીય કારકિર્દીમાં અનેક મહત્ત્વના પદો સંભાળ્યા હતા જેમાં તે લોકસભા સ્પીકર અને કેન્દ્રીય કેબિનેટમાં અનેક મહત્ત્વપૂર્ણ પદો સંભાળી ચૂક્યા હતા. પાટિલ લાતૂર લોકસભા બેઠકથી સાત વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા.

તેમના નિધન બાદ સમગ્ર મહારાષ્ટ્ર અને રાષ્ટ્રીય રાજકારણમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે કેમ કે પાટિલને ભારતીય રાજકારણમાં એક શાંતિ, સંયત અને ખૂબ જ મહેનતી નેતા તરીકે જોવામાં આવતા હતા. શિવરાજ પાટિલનો જન્મ ૧૨ ઓક્ટોબર ૧૯૩૫ ના રોજ લાતૂર જિલ્લાના ચાકુરમાં થયો હતો. પૂર્વ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે પહેલા આયુર્વેદનો અભ્યાસ કર્યો અને પછી મુંબઈ યુનિવર્સિટીની લૉની ડિગ્રી મેળવી. રાજકારણમાં તેમની સફર ૧૯૬૭માં શરૂ થઈ હતી જ્યાં તેમણે લાતૂર નગર પાલિકામાં કાર્યભાર સંભાળ્યો હતો.




# દ્વારકામાં રૂપિયા ૧.૧૫ કરોડના વ્હેલ માછલીના એમ્બરગ્રીસ (ઉલ્ટી)ના જથ્થા સાથે ભાવનગરના બે શખ્સો ઝડપાયા

દ્વારકા : દ્વારકાના રેલવે સ્ટેશન નજીકના સયાજી સર્કલ પાસેથી દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. દ્વારા ભાવનગરના બે શખ્સોને વ્હેલ માછલીના એમ્બરગ્રીસ (ઉલ્ટી)ના ૧.૧૫ કિલોના રૂપિયા ૧ કરોડ ૧૫ લાખના જથ્થા સાથે અટકાયત કરી તેઓની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.





તસવીરઃ રાકેશ સામાણી

પ્રાપ્ત વિગત અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. ટીમ દ્વારા જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન એ.એસ.આઈ. બલભદ્રસિંહ ગોહિલ, જગદીશભાઈ કરમુર, હે.કો. પ્રદિપસિંહ જાડેજા, પીઠાભાઈ ગોજીયાને બાતમીદાર દ્વારા મળેલ માહિતી આધારે રેલવે સ્ટેશન નજીકના સયાજી સર્કલ પાસેથી નિરવ બાલાભાઈ ભટ્ટ અને સુનીલભાઈ ચંદ્રકાન્તભાઈ સંભવાણી નામના ભાવનગરના બે શખ્સોને ૧.૧૫ કિલોના વજનના રૂપિયા એક કરોડ પંદર લાખની બજાર કિંમતના વ્હેલ માછલીના એમ્બરગ્રીસ (ઉલ્ટી) સાથે પી.એસ.આઈ. બી.એમ.દેવમુરારી તથા ટીમ દ્વારા પકડી પાડી રેન્જ ફોરેસ્ટ ઓફીસર દ્વારકા દ્વારા પરીક્ષણ કરી કબ્જે કરવામાં આવેલ હતું.

ઝડપાયેલ બંને શખ્સોની પૂછપરછ કરવામાં આવતા તેઓએ આ વ્હેલ માછલીના એમ્બરગ્રીસને ભાવનગરથી દ્વારકા વેચાણ અર્થે લઈ આવેલ હોવાનું જણાવેલ. આથી પોલીસે મુદ્દામાલ કબજર કરું બંને શખ્સો વિરૂધ્ધ વ્હેલ માછલી એમ્બરગ્રીસ અને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા ફોરેસ્ટ વિભાગ દ્વારકાને સોંપી આપેલ છે.

સમગ્ર કાર્યવાહી એલસીબી પીઆઈ બી.જે.સરવૈયાની સૂચનાનુસાર પીએસઆઈ બી.એમ.દેવમુરારી, વી.એન.સિંગરીયા, એસ.એસ.ચૌહાણ, એ.એસ.આઈ. બલભદ્રસિંહ ગોહિલ, જગદીશભાઈ કરમુર, દિનેશભાઈ માડમ, હે.કો. પ્રદિપસિંહ જાડેજા, પીઠાભાઈ ગોજીયા, ડ્રા.હે.કો. હસમુખભાઈ કટારા, વિશ્વદિપસિંહ જાડેજા તથા રેન્જ ફોરેસ્ટ કચેરી દ્વારકાના સુનિલ ગોવિંદભાઈ કણઝારીયા, વનપાલ (રાઉન્ડ ફોરેસ્ટર) દ્વારા કરવામાં આવી છે.

# જામનગરમાં ભાઈની હત્યા કરનાર પિતરાઈ ભાઈને દબોચી લેવાયો

જામનગર : જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા એક દલિત યુવાન પર તેનાજ પિતરાઈ ભાઈ દ્વારા છરીના ચાર જેટલા ઘા ઝીંકી દઈ હત્યા નિપજાવાઈ હતી, જે હત્યારા આરોપીની પોલીસે ધરપકડ કરી લઈ છરી અને સ્કૂટર કબજે કર્યા છે, અને તેને રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા જીતેન્દ્ર ઉર્ફે જયલો જગદીશભાઈ ચાવડા નામના ૨૮ વર્ષના યુવાન પર બુધવારે સવારે દિગ્વિજય પ્લોટ શેરી નાં ૪૯ ના છેડે તેનાજ પિતરાઈ ભાઈ એવા દિલીપ રમેશભાઈ ચાવડાએ છરીના ઉપરા છાપરી ૪ જેટલા ઘા ઝીકી દઈ હત્યા નિપજાવી હતી.



મૃતક યુવાન પોતાના એકટીવા સ્કૂટર પર જઈ રહ્યો હતો, જે દરમિયાન આરોપીએ રસ્તામાં રોકીને તેના પર આ હુમલો કરી દીધો હતો, જેથી મૃતક યુવાન લોહી લુહાણ થઈને ત્યાં ઢળી પડ્યો હતો, અને બનાવ હત્યામાં પરિણમ્યો હતો.

મૃતક યુવાન જીતેન્દ્ર ઉર્ફે જયલો કે જે આજથી આઠ મહિના પહેલા આરોપી દિલીપની પત્નીને ઉઠાવી ગયો હતો, અને પોતાના ઘરમાં બેસાડી છે. જેનું મનદુઃખ રાખીને આરોપીએ મોકાનો લાભ લઈ હત્યા કરી નાખી હતી. જે બનાવ અંગે પોલીસે મૃતક જીતેન્દ્રના પિતા જગદીશભાઈ ચાવડાની ફરિયાદના આધારે આરોપી દિલીપ ચાવડા સામે હત્યા અંગે ગુન્હો નોંધ્યો છે, અને તેને અટકાયતમાં લઈ લીધો છે, જ્યારે હત્યામાં વપરાયેલી છરી તેમજ આરોપીનું સ્કૂટર વગેરે કબજે કરી લેવામાં આવ્યા છે, અને વધુ પૂછપરછ માટે રિમાન્ડ પર લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## ધ્રાસણવેલમાંથી દારૂની બોટલ સાથે શખ્સ ઝડપાયો

દ્વારકા : દ્વારકા તાલુકાના ધ્રાસણવેલ પાસેથી સ્થાનિક પોલીસે મૂળવાસર ગામના શખ્સને વિદેશી દારૂની બોટલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ દ્વારકા તાલુકાના મૂળવાસર ગામે રહેતો મુકેશભા ચાપાભા માણેક નામનો શખ્સ ધ્રાસણવેલ નજીકથી પસાર થતો હોય દરમિયાન દ્વારકા પોલીસે તેની તલાસી લેતા વિદેશી દારૂની બોટલ મળી આવતા ધરપકડ કરી રૂપિયા ૧૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તેના વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

## દ્વારકામાં ચા બનાવતી વેળાએ દાઝી જતા પ્રૌઢાનું મોત નીપજ્યું

દ્વારકા : દ્વારકામાં રહેતા એક પ્રૌઢા પોતાના ઘરે ચા બનાવતી વેળાએ અકસ્માતે દાજી જતા તેઓનું ટૂંકી સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હોવાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ દ્વારકા શહેરમાં જલારામ સોસાયટી ખાતે રહેતા જ્યોતિબેન દિનેશભાઈ બારાઈ નામના ૬૦ વર્ષના પ્રૌઢા પોતાના ઘરે એકલા હોય ત્યારે ગેસના ચૂલા ઉપર ચા બનાવતા હતા ત્યારે અચાનક ભડકો થતા અને આગ તેઓના કપડામાં લાગતા આખા શરીરે આગ ફેલાઈ હતી અને રાડારાડી કરી મૂકતા પાડોશીઓ અને અન્ય લોકો ભેગા મળી આગ ઓલવી નાખી હતી. પરંતુ તે દરમિયાન ગંભીર રીતે દાઝી ગયેલા જ્યોતિબેનને તાબડતોબ સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા પરંતુ સારવાર કારગત નહીં નીવડતા તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની મૃતકના પુત્ર કપિલભાઈએ દ્વારકા પોલીસમાં જાણ કરતા એ.એસ.આઈ. એલ. કે. કાગડીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે. મૃતક જ્યોતિબેન બારાઈની છેલ્લા એક વર્ષથી માનસિક સ્થિતિ સારી ન હોય અને દોઢેક મહિનાથી પેટમાં કેન્સરની ગાંઠ હતી અને તેની સારવાર રાજકોટની સ્ટલ'ગ હોસ્પિટલમાં ચાલુ હતી.

# શેખપાટ ગામે ખેતીની જમીનના ભાગના પ્રશ્ને બે સતવારા ભાઈઓ વચ્ચે બઘડાટી

## નાનાભાઈએ મોટાભાઈના પાવડો જીકી દઈ માથું ફોડી ભાભી ઉપર હુમલો

જામનગર : જામનગર તાલુકાના શેખપાટ ગામમાં એક સતવારા પરિવારમાં ખેતીની જમીનના ભાગના પ્રશ્ને બે ભાઈઓ વચ્ચે તકરાર થઈ હતી, અને નાનોભાઈ વિફર્યો હતો. જેણે મોટાભાઈના માથા પર પાવડો જીકી દઈ, માથું ફોડી નાખ્યું હતું, ઉપરાંત ભાભી ને પણ માર માર્યો હતો. જે બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

જામનગર તાલુકાના શેખપાટ ગામમાં રહેતા અને ખેતી કામ કરતા વિનોદભાઈ લવજીભાઈ નામના ૪૦ વર્ષના સતવારા ખેડૂત યુવાને પોતાના માથામાં પાવડો ફટકારી માથું ફોડી નાખવા અંગે પોતાના જ ભાઈ રાજેશ લવજીભાઈ નકુમ સામે ફરિયાદ નોંધાવી છે.

જેમાં ઈજાગ્રસ્તનું માથું ફૂટી ગયું હોવાથી તેને જીજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે, અને માથામાં સાત ટાંકા આવ્યા છે, ઉપરાંત નેણ ઉ પર બે ટકા આવ્યા છે. આ બનાવ સમયે મારામારી માં છોડાવવા માટે વચ્ચે પડેલા મોટાભાઈ વિનોદના પત્ની લીલાબેન ને પણ નાનાભાઈએ માર માર્યો હોવાથી તેને પણ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ફરિયાદી અને આરોપી બંને ભાઈઓની સંયુક્ત માલિકીની ખેતીની જમીન આવેલી છે, જે જમીનમાં હાલમાં મોટાભાઈ વાવેતરનું કામ સંભાળે છે, જે જમીનના ભાગના પ્રશ્ને નાના ભાઈએ આવીને તકરાર કરી હતી, અને મને પણ ભાગ પાડી ને જમીન વાવવા માટે મારી ભાગ ની જમીન અલગ કરી આપો તેમ કહી તકરાર કરી હતી. જેથી મામલો પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે.

## ચરકલા પાસે સ્વાનને બચાવવા જતા બાઈક ચાલકે આધેડને હડફેટે લીધા

દ્વારકા : દ્વારકા શહેરમાં ચરકલા ફાટક પાસે પૂરઝડપે પસાર થતા બાઈક હડફેટે એક આધેડને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાકીદે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની બાઈક ચાલક સામે ઈજાગ્રસ્તના પતિએ ફરિયાદ નોંધાવતા સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ બાઈક ચાલક સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ દ્વારકામાં રહેતા ચિતલભાઈ ગોઢાણીયા નામના આધેડ ચરકલા રોડ ફાટક નજીક નાસ્તાની લારીએ હોય દરમિયાન તેઓ ગલુડિયું બચાવવા રોડ પર જતા હોય આ વેળાએ ત્યાંથી પૂરઝડપે પસાર થતા બાઈક ચાલકે તેઓને હડફેટે લઈ પગમાં ફેક્ચરની તથા માથામાં હેમરેજ જેવી ઈજા પહોંચાડતા સારવારમાં લઈ જવામાં આવ્યા છે. અકસ્માત સર્જી નાસી જનાર બાઈક ચાલક સામે તેઓના પત્ની આશાબેનએ દ્વારકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બાઈક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# દ્વારકાના કુંજ ગલી વિસ્તારમાં મેડીકલ વેસ્ટ સહિત ગંદકીથી સ્થાનિકો પરેશાન

## પ્રાંત અધિકારી તેમજ નગરપાલીકાના પ્રમુખ અને સભ્યોને રજુઆત છતાં ઉકેલ નહિ







તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકા નગરપાલીકા હેઠળના હોમગાર્ડ ચોક પાસે આવેલ કુંજ ગલીના રહેવાસીઓ દ્વારા રહેણાંક વિસ્તારમાં મેડીકલ વેસ્ટ સહિત ગંદકી ફેલાવવા અંગે દ્વારકા પ્રાંત કચેરી - નગરપાલીકા સહિત જગ્યાએ અરજી કરી છે.

દ્વારકાના હોમગાર્ડઝ ચોક નજીક આવેલ કુંજ ગલીમાં લાંબા સમયથી ગંદકીની સમસ્યા અંગે સ્થાનીય રહેવાસી દ્વારા દ્વારકા પ્રાંત અધિકારી તેમજ નગરપાલીકા સહિત રજૂઆત કરી જણાવેલ છે કે તેમના રહેણાંક આસપાસના રસ્તામાં લાંબા સમયથી ગંદકીના ઢગલા જોવા મળી રહયા હોય ત્યારે જાહેર આરોગ્યને ખતરા સમાન છે. આ સાથે મેડીકલ વેસ્ટ, ગંદા પાણીનો નિકાલ, એઠવાડ, કચરાનો જાહેરમાં નિકાલ કરાતો હોય અને સફાઈના અભાવે જાહેર આરોગ્ય સામે ગંભીર ખતરો ગણાવી તાત્કાલીક સફાઈ સહિતની કામગીરી કરવા અનુરોધ કરાયો છે. દ્વારકાના પ્રમુખ રસ્તાઓમાં સફાઈની ગુણવત્તા જાળવતી નગરપાલીકા લાંબા સમયથી રહેણાંક વિસ્તારમાં સફાઈ પ્રશ્ને નિષ્ક્રિય હોય તેવું જણાઈ રહયુ છે.

નગરપાલીકા પ્રમુખ-સભ્યો નિષ્ક્રિય? -

અરજદારના જણાવ્યાનુસાર રહેણાંક વિસ્તારમાં થતી ગંદકીને લીધે પડતી સમસ્યા અંગે પાલીકા પ્રમુખ -સભ્યો સહિતનાઓને વખતોવખત લેખીત / મૌખિક રજૂઆત કરવામાં આવી છે. આમ છતાં હજુ સુધી ગંદકીની સમસ્યાનો

## તા.૧૫ ડિસેમ્બરથી ટેકાના ભાવે તુવેરની ખરીદી કરાશે

જામનગર : ભારત સરકાર દ્વારા ખરીફ ૨૦૨૫-૨૬ અન્વયે ટેકાના ભાવે તુવેરની ખરીદીની શરૂઆત કરાઈ છે. સર્વે ખેડૂત મિત્રોને જણાવવાનું કે ભારત સરકાર દ્વારા ખરીફ ૨૦૨૫-૨૬ સીઝન માટે તુવેરના પાકનો ટેકાનો ભાવ રૂ.૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવેલ છે. ઉક્ત ખરીદીમાં જે ખેડૂત મિત્રો તુવેર પાકનું ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા હોય, તેઓને તા. ૧૫/૧૨/૨૦૨૫ થી તા. ૧૪/૦૧/૨૦૨૬ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ આવેલા ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ફઝઈ મારફતે નોંધણી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## દ્વારકામા ચરકલા રોડ પર દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ, સંચાલક ફરાર

દ્વારકા : દ્વારકાના ચરકલા રોડ પર પોલીસે દરોડો પાડી દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી પકડી પાડી હતી અને સ્થળપરથી દેશી દારૂ, કાચો આથો તથા સાધન સામગ્રી સહિત રૂપિયા ૩૩ હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો દરમિયાન સંચાલક નાસી જતા તેની સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર દ્વારકા શહેરના ચરકલા રોડ પર ધોરા તળાવ પાસે સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અહીથી ૨૪૦૦ ની કિંમતનો ૧૨ લીટર દેશી દારૂ તથા ૨૩૭૫૦ ની કિંમતનો આથો તેમજ સાધન સામગ્રી સહિત રૂપિયા ૩૩૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જ્યારે સંચાલક કલ્પેશ ગોવિંદભાઈ ચાનપા નામનો શખ્સ નાસી જતા તેની સામે પ્રોહી. એક્ટ મુજબ ગુન્હો દાખલ કરી શોધખોળ આરંભી છે.

# જામનગરની બેન્કોમાં નાણાંની ગેરકાયદે હેરફેર કરનાર વધુ ૧૪ આરોપીઓ સામે ગુન્હો નોંધાયો

જામનગર : ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સાયબર ચાંચિયાઓને શોધવા માટે અલગ અલગ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યા છે, અને ખાસ કરીને બેંક ખાતાધારકોના ઓનલાઈન ચીટીંગના મારફતે નાણાં ટ્રાન્સફર કરી લેવાના પ્રકરણમાં બોગસ ખાતાધારકોને શોધવા માટે 'ઓપરેશન મ્યુલ હન્ટ' ચલાવવામાં આવી રહ્યું છે, અને આવા બોગસ ખાતાધારકો કે જેઓ પોતે વાહક બને છે, એટલે કે પોતાના ખાતા ખોલાવીને કમિશન મેળવવાની લાલચે ચીટર લોકોને તે ખાતું ઓપરેટ કરવા માટે સોંપી દે છે, આવા કુલ ૧૪ ખાતા ધારકો સામે જામનગરના સીટી એ. અને બી. ડિવિઝન પોલીસ મથકમાં ૬ પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી.

દરમિયાન શહેરમાંથી ગઈકાલે આવા વધુ પાંચ બેન્ક ખાતાં મળી આવ્યા છે, અને શહેરના સિટી એ. બી. અને સી. ડિવિઝન પોલીસ મથકમાં વધુ ૧૪ આરોપીઓ સામે પાંચ ગુન્હા દાખલ કરવામાં આવ્યા છે.

જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે.એન. ઝાલાની રાહબરી હેઠળ છેલ્લા બે દિવસ દરમિયાન સીટી એ. તેમજ બી. ડિવિઝન પોલીસ મથકમાં ૧૪ આરોપીઓ સામે કુલ ૬ પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ ગઈકાલે બપોર બાદ સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં વધુ એક ગુન્હો નોંધવામાં આવ્યો છે. તે જ રીતે મળી કુલ શહેરના ત્રણેય પોલીસ ડિવિઝનમાં વધુ પાંચ ગુન્હા દાખલ કરવામાં આવ્યા છે

જેમાં પ્રથમ ગુન્હામાં સરકાર પક્ષે વિજયભાઈ બળદેવભાઈ કાનાણી નામના પોલીસ હેડ કોન્સ્ટેબલ ફરીયાદી બન્યા છે, અને ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતા શબિર હુસેન સિદિકભાઈ બ્લોચ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તેઓના બેન્ક ખાતામાં કુલ ૩૧,૫૩,૯૦૦ જેવી રકમનું ગેરકાયદે રીતે ટ્રાન્જેક્શન કરવામાં આવ્યું હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જે ગુનો દાખલ કર્યા બાદ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

ત્યારબાદ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સોયબભાઈ મકવાએ નોંધાવેલી ફરિયાદમાં સબીર અબ્દુલભાઈ નાગિયા, તેમજ હુશેન મનસુરભાઈ સામે પણ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. ઉપરાંત સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં યોગેન્દ્રસિંહ નિરુભા સોઢા નામના પોલીસ હેડ કોન્સ્ટેબલ ફરિયાદી બન્યા છે, અને મોહમ્મદ રફી ગફારભાઈ તથા સુલતાન લુલ્લા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

તેમજ દિવ્યરાજસિંહ નવલસિંહ જાડેજાએ બેંકના ખાતાધારકો સાહિલ સત્તારભાઈ, શાહીદભાઈ સામે ગુના દાખલ કરાયા છે . જ્યારે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ શિવભદ્રસિંહ જાડેજા ફરિયાદી બન્યા છે, અને અંકિત મુકેશભાઈ બારોટ વગેરે આરોપીય સામે પણ ગુનો દાખલ કરાવ્યો છે જે તમામ ગુન્હાના સંદર્ભમાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવાઈ રહી છે.

## જામનગરમાં કુરીયર બોયનો ગુમ થયેલ થેલો પોલીસે શોધી આપ્યો

જામનગર : જામનગરના બ્લુ ડાર્ટ કુરિયર કંપનીના કુરિયર બોય ભરતભાઈ રામજીભાઈ કણજારીયા કે જે ગત તા.૦૬.૧૨.૨૦૨૫ ના સવારના ઓનલાઈનના પાર્સલની ડીલીવરી કરવા માટે ગુરૂદ્વારા સર્કલથી જી.આઇ.ડી.સી તરફ જતા હોય, તે દરમ્યાન રસ્તામાં ક્યાંક પાર્સલનો થેલો જેમાં ૭૧,૫૮૭ ની કિંમતના ૪ પાર્ષલો હતા.

જે બાબતે કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમનો સંપર્ક કરતાં પો.સબ.ઈન્સ. બી.બી.સિંગલના માર્ગદર્શન મુજબ એ.એસ.આઇ. પી.એ.ખાણધર,




તેમજ પ્રદિપસિંહ સોઢા,. સંજયભાઇ જોડ, મિતલબેન સાવલીયા, પારૂલબા જાડેજા સહિતની ટીમે અલગ અલગ વિસ્તારના કેમેરાના ફુટેજ ચકાસતા કુરીયર બોયનો બ્લુ કલરનો થેલો એક રીક્ષામાં પાછળની સાઇડ પડેલો જોવા મળ્યો હતો.

જેથી આ રીક્ષાના રજી. નં. જી.જે. ૧૦ ટી. ડબ્લ્યુ ૦૯૯૫ હોવાનું જાણવા મળતા નંબર પરથી આઈટીએમએસ ચલણ વેબસાઈટ ની મદદથી મોબાઈલ નંબર શોધી અને સંપર્ક કરી તેની પાસેથી બ્લ્યુ ડાર્ટ કંપનીના કુરીયર બોયનો પાર્સલનો થેલો શોધી કાઢી તેને પરત સોંપી દીધો છે, જેથી તેણે પોલીસ વિભાગનો આભાર માન્યો હતો.

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**પોઈન્ટના સ્થળાંતરના સંબંધમાં ઓએચઈ મોડિફીકેશન કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૫-૨૬/૨૯**

**તારીખ : ૦૯.૧૨.૨૦૨૫**

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝનની GSECL સાઈડીંગ, સિક્કા ખાતે પોઈન્ટ નં. ૧૫૦, ૧૫૧ અને ૧૫૨ના સ્થળાંતરના સંબંધમાં OHE મોડિફિકેશન કામ.

**અંદાજીત પડતરઃ** ₹ ૪૩,૯૧,૧૫૫.૯૫/- ફક્ત | **ઈએમડી પડતરઃ** ₹ ૮૭,૮૦૦/-

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૦૬-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી

**ઓફિસનું સરનામુ. :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧.

**વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-163

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**પીએસઆઈ સંપત્તિઓની જાળવણીનું આઉટસોર્સિંગ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૫-૨૬/૨૭**

**તારીખ : ૦૯-૧૨-૨૦૨૫**

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝનના રાજકોટ-વિરમગામ સેક્શન પર ૨ વર્ષના સમયગાળા માટે PSI સંપત્તિઓની જાળવણીનું આઉટસોર્સિંગ કરવાનું કામ.

**અંદાજીત પડતરઃ** ₹ ૧,૨૧,૩૧,૦૬૨.૫૨/- ફક્ત | **ઈએમડી પડતરઃ** ₹ ૨,૧૦,૭૦૦/-

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૦૬-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી

**ઓફિસનું સરનામુ. :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧.

**વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-161

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૪૧ વર્ષ ૨૦૨૫-૨૬ તા.૦૯/૧૨/૨૦૨૫**

**લિક પ્રૂફ ટ્રિટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS ની સુધારણા**

**ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૫-૨૬-E-૩૫R૨**

**કામનું નામ :** રાજકોટ ડિવિઝન :- (i) આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) જામનગર સેક્શન હેઠળ લિક પ્રૂફ ટ્રિટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS ની સુધારણા. (ii) આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) જામનગર સેક્શન હેઠળ લિક પ્રૂફ ટ્રિટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS ની સુધારણા.

**NITની અંદાજીત પડતરઃ** ₹ ૪,૬૦,૩૨,૩૯૦.૬૪

**અર્નેસ્ટમનીઃ** ₹ ૩,૮૦,૨૦૦.૦૦

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** ૦૫-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે.

**ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટઃ** www.ireps.gov.in

RJT-164

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**જાહેર નિવિદા નં. ૪૫ / ૨૦૨૫-૨૬**

**કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા. અને મ.) વિભાગ, જામનગર, ફોન નં. (૦૨૮૮) ૨૬૭૦૨૮૬, રજી. કલાસ ધરાવતા ઠેકેદારશ્રીઓ પાસેથી વિવિધ યોજનાના કરવાના થતાં કુલ ૦૨ કામોની અંદાજીત રકમ રૂા. ૮૭.૮૦ થી ૧૦૬.૭૬ લાખ સુધીની છે. જેની કુલ રકમ રૂા. ૨૦૪.૫૬ છે. જે કામોના ટેન્ડરો ઓન લાઈન માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો https://tender.nprocure.com વેબ સાઈટ ઉપપરથી મળશે અને સાઈટ ઉપરથી ઓન લાઈન ભરવાના રહેશે. આ એંગેની વિગતવાર વિજ્ઞાપન (મા. અને મ.) પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપરથી પર જોવા મળશે. ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડર રૂબરૂ / ટપાલથી સ્વીકારવામાં આવશે નહિ. હવે પછીના દૈનિક સુધારા / વધારાઓ દૈનિક પેપરમાં નિવિદા પ્રસિધ્ધ ન કરતા ઓનલાઈન કરવામાં આવશે.**

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજોનું ડાઉન લોડીંગ તથા સબમસશનની તારીખ અને સમય | ૧૫/૧૨/૨૫ થી ૨૩/૧૨/૨૦૨૫ સાંજના ૧૮.૦૦ કલાક સુધી |
| ઓનલાઈન બીડ ઓપનીંગ તારીખ અને સમય | ૨૪/૧૨/૨૦૨૫ ૧૨.૦૦ કલાકે |

માહિતી/જામ/૭૮૦/૨૦૨૫

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)


સૌરાષ્ટ્ર આસપાસ

## અમદાવાદના આંગણે રાષ્ટ્રકુળ રમતોત્સવ

અમદાવાદનું કોમનવેલ્થ ગેમનું વૈશ્વિક મંચ હવે રાષ્ટ્રની ઓળખ બનશે.અમદાવાદ માટે સૌથી મોટી ખુશખબર છે એ કોમનવેલ્થ ગેમ્સ (ઝઉઈ) ૨૦૩૦નું યજમાન પદ પ્રાપ્ત થયું છે. આ માત્ર રમતગમતનું મેગા ઇવેન્ટ નથી. તે શહેરના વિકાસનું વિશાળ કેન્વાસ છે. આ સમાચારથી અમદાવાદ-ગાંધીનગર પ્રદેશમાં નવી ઊર્જા જાગી છે. તે વિકાસ, આધુનિકીકરણ અને વૈશ્વિક ઓળખના નવા યુગની શરૂઆત કરે છે. અમદાવાદના આંગણે રાષ્ટ્રકુળ રમતોત્સવ એટલે સદભાવનાનો મહાકુંભ.કોમનવેલ્થ ગેમ્સ, જેને રાષ્ટ્રકુળ રમતોત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ખરેખર એક અદ્ભુત આંતરરાષ્ટ્રીય બહુ-રમતગમત કાર્યક્રમ છે. આ રમતોત્સવ મુખ્યત્વે એવા રાષ્ટ્રોના એથ્લેટ્સને એક મંચ પર લાવે છે, જેઓ ભૂતકાળમાં બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ રહ્યા છે. દર ચાર વર્ષે યોજાતો આ મહાકુંભ, કોમનવેલ્થ દેશો વચ્ચે માત્ર રમતગમતની સ્પર્ધા જ નહીં, પરંતુ સદ્ભાવના, મિત્રતા અને સહિયારી ભાવનાને પ્રોત્સાહન આપવાનો પવિત્ર ઉદ્દેશ્ય ધરાવે છે. ઐતિહાસિક વિગતો મુજબ સામ્રાજ્યથી રાષ્ટ્રકુળ સુધી આ ગેમ્સની શરૂઆત એક સદી કરતાં પણ પહેલાં, ૧૮૯૧ માં થયેલા એક વિચારથી થઈ હતી. રેવરન્ડ એશ્લે કૂપર નામના એક દ્રષ્ટાએ બ્રિટિશ સામ્રાજ્યના દેશોને એકસાથે લાવવા માટે એક રમતગમત સ્પર્ધા યોજવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જોકે, આ વિચારને સાકાર થતા ઘણા વર્ષો લાગ્યા. આખરે, પ્રથમ સત્તાવાર ગેમ્સ વર્ષ ૧૯૩૦ માં કેનેડાના હેમિલ્ટન શહેરમાં યોજાઈ હતી.શરૂઆતમાં આ ગેમ્સને 'બ્રિટિશ એમ્પાયર ગેમ્સ' તરીકે ઓળખવામાં આવતી હતી. સમયની સાથે રાષ્ટ્રોની સ્વતંત્રતા અને સંયુક્ત રાષ્ટ્રકુળની રચના થતાં, તેના નામમાં પણ પરિવર્તન આવ્યું. ૧૯૫૪ થી ૧૯૬૬ દરમિયાન તેને 'બ્રિટિશ એમ્પાયર અને કોમનવેલ્થ ગેમ્સ' કહેવાઈ, ત્યારબાદ થોડા સમય માટે 'બ્રિટિશ કોમનવેલ્થ ગેમ્સ' તરીકે જાણીતી થઈ. અંતે, ૧૯૭૮ માં તેને કાયમી ધોરણે 'કોમનવેલ્થ ગેમ્સ' નામ મળ્યું, જે તેની ભાવના અને વ્યાપને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે. આ નામ પરિવર્તન પછી તેમાં ભાગ લેનારા દેશોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો, જે આ ગેમ્સની વૈશ્વિક સ્વીકૃતિ દર્શાવે છે.

ભારતીય પરાક્રમ અને ગૌરવ નું મોટું યોગદાન આ ગેમ્સને પ્રાપ્ત થયું છે.આ ગેમ્સમાં ભારતનું યોગદાન ખૂબ જ ગૌરવપૂર્ણ રહ્યું છે. ભારત આ રમતોત્સવમાં સક્રિય ભાગ લેનાર દેશ છે અને તેણે ૨૦૧૦ માં નવી દિલ્હીમાં આ ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કરીને પોતાની રમતગમત ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. તે વર્ષે ભારતે કુલ ૧૦૧ મેડલ જીતીને બીજું સ્થાન મેળવ્યું હતું, જે આપણા દેશ માટે એક મહાન સિદ્ધિ હતી. આજે, કોમનવેલ્થ ગેમ્સ વૈશ્વિક સ્તરે ઓલિમ્પિક પછી ત્રીજી સૌથી મોટી રમતગમત ઇવેન્ટ તરીકેનું વિશેષ સ્થાન ધરાવે છે. તે માત્ર સ્પર્ધાનું પ્લેટફોર્મ નથી, પરંતુ તે સાંસ્કૃતિક વિવિધતાને ઉજવવા અને રાષ્ટ્રકુળના દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટેનું એક જીવંત માધ્યમ છે.અમદાવાદમાં હવે વિશ્વના રમતવીરોની ભીડ જામશે. અમદાવાદના રસ્તાઓ પર આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર. નવા સ્ટેડિયમ, મેટ્રો લાઇનો અને હાઇ-ટેક હાઉસિંગ પ્રોજેક્ટ્સના સપના સાકાર કરતું શહેર બની જશે.

# સ્વ સાથે સંવાદ કરાવતી શિયાળાની સૌહાર્દ સાંજ...



ફ્રાઈડે ફોટો સ્ટોરી

- જયદીપ એ. દવે.

શિયાળા ની સાંજ એટલે સ્વ સાથે સંવાદ કરાવતો સમયકાળ, તેમાં પણ આ સાંજ જો પ્રાકૃતિક સ્થળ ને ખોળે અવતરી હોય તો અંતર તત્વ ની સાથે મન પરમ તત્વ સાથે પણ સંવાદ કરવા લાગે. આવી જ બોરતળાવ ના કિનારે ઊગેલી વિવિધ રંગ છટા અને પળે પળે અચંબિત રંગો થી મંત્ર મુગ્ધ કરતું આકાશ અને શિયાળા ના સરબતી માહોલ વચ્ચે હિલોળા લેતા નીર ની સાયુજ્ય સમાન સાંજ રચનાત્મક રીતે કેમેરા માં કેદ થઈ છે.

# મન મળશે તો માન મળશે

**- માન આપવું કે ના આપવું તેનો નિર્ણય બુદ્ધિ કરે છે. બુદ્ધિ સત્ય તરફ નહિ, લાભ અને લોભ તરફ વળે છે. સ્વાર્થ ખાતર એકબીજાનો ઉપયોગ થતો હોય ત્યારે સંબંધમાં રોજિંદાપણું આવે છે. મનમાં કંઈક મેળવી લેવાની ગણત્રી હોય ત્યાં સુધી બીજાના મન સુધી પહોંચી શકાતું નથી**

કરંટ ટૉપિક

પદ્મપુરાણમાં ત્રેતાયુગની એક કથા છે. રાજા ચક્રવેણનું વિશાળ સામ્રાજ્ય તથા વૈભવ જોઈને એક રાજકન્યાએ તેની સાથે લગ્ન કર્યાં. પણ થોડા જ દિવસોમાં તેને સમજાઈ ગયું કે ચક્રવેણ રાજા હોવા છતાં એક સંતની માફક વિરક્ત જીવન જીવે છે. રાજકોષમાંથી એક સિક્કો પણ લેતા નથી. પોતાના જીવનનિર્વાહ માટે ખેતી કરે છે. જે પતિ રાજકોષના ઉપયોગ જ ના કરતો હોય તેની પત્ની શું કરે ? મહારાણી હોવા છતાં ભોગવિલાસના બધાં સ્વપ્નાં પડી ભાંગ્યાં. તેને કમને સાદગી અપનાવવી પડી. તે મનોમન ખિજાતી. નસીબને દોષ દેતી. તેના કરતાં તેની દાસીઓ ઠાઠ-માઠથી રહેતી, તે જોઈ તેને દુઃખ થતું. રાજાના આવા અનાસક્ત ભાવથી તે પતિથી ધીરે ધીરે દૂર થતી ગઈ. દાંપત્યજીવનનો મધુર ભાવ કડવાશમાં ફેરવાઈ ગયો. એકવાર તહેવારના દિવસોમાં તેની સખીઓ તેને મળવા આવી. 'અરે, આ શું ? તું તો મહારાણી છે. તારે કિંમતી વસ્ત્રો અને આભૂષણોથી સજ્જ રહેવું જોઈએ. મહારાણી પદને શોભે એમ દમામથી રહેવું જોઈએ. આમ મજૂરણની માફક કેમ જીવે છે ? જા, રાજા પાસે. તને આનંદ પ્રમોદ ભોગવવાનો હક્ક છે !!' તે ચક્રવેણને મળી. પતિએ તેને સાદાજીવનની વાતો સમજાવી પણ રાણી મક્કમ રહી. 'તમારી વાતો હું ના જાણું. મારે વસ્ત્રો, આભૂષણો, પ્રસાધનો બધું જોઈએ. સમજ્યા, જોઈએ એટલે જોઈએ, બસ.' રાણી જીદે ચડી. રિસાઈ ગઈ.

બીજા દિવસે રાજાએ પોતાના વિશ્વાસુ મંત્રીને સમજાવી રાક્ષસરાજ રાવણ પાસે મોકલ્યો. મંત્રી દૂત બનીને દરબારમાં હાજર થયો. 'હે લંકેશ, અમારા મહારાજને સવા મણ સોનાની જરૂર છે. તે મને આપો.' રાવણે અટ્ટહાસ્ય કર્યું, 'હે દૂત, તું તો મંત્રી છે. મંત્ર તરીકે તારામાં એટલી સમજણ તો હોવી જોઈએ કે સોનું માંગવાથી ના મળે. નથી હું પરાધીન, નથી હું દેવાદાર, નથી મારે કર આપવાનો, તો... તને ખબર છે હું યક્ષ, ગંધર્વ, નાગ, કિન્નર, દૈત્ય, દાનવ - બધાને હરાવી લંકાપતિ બન્યો છું. સોનું શું... લંકાની ધરતીની રેતીનો એક કણ નહિ મળે. જા. પાછો.' મંત્રી પાછો આવ્યો. રાજાને ખબર હતી રાવણ આવી રીતે સોનું નહિ જ આપે. તેણે ચતુરાઈપૂર્વકની યોજના સમજાવી મંત્રીને પાછો લંકા મોકલ્યો. મંત્રીએ લંકાના કિલ્લા બહાર દરિયા કિનારે માટીની હૂબહૂ લંકા બનાવી. સાથે લાવેલા ખડતલ ગુપ્ત સૈનિકો કિલ્લાના બુરજ ઉપર મોકલ્યા. રાતનો સમય થયો. રાવણને બોલાવી માટીની લંકા બતાવીને કહ્યું, 'હું અમારા તપસ્વી રાજાની યોગવિદ્યાનો પુણ્યપ્રકોપ બતાવું છું. આ માટીની લંકાની પૂર્વ દિશાના કિલ્લાનો એક બૂરજ તોડું છું.' આટલું કહી મંત્રીએ એક મશાલ સળગાવી. મશાલ સળગાવી તેણે લંકાની પૂર્વ દિશામાં ગયેલા ગુપ્ત સૈનિકોને ઈશારો કર્યો. ઈશારો થતાં જ મંત્રીએ માટીવાળો બૂરજ તોડયો અને થોડીવારમાં અસલી લંકાનો બૂરજ કડડભૂસ થઈ ગયો. કિલ્લાનો ઉપરનો ભાગ ધ્વસ્ત થઈ ગયો. રાવણ ફફડી ગયો. ડરી ગયો. મંત્રીએ તેને વધુ ડરાવ્યો. 'લંકેશ, આવી જ રીતે પળવારમાં આખી લંકા ભોંયભેગી થઈ જશે. બોલો, શું કરવું છે ?' રાવણ ડઘાઈ ગયો. તરત તેણે સવા મણ સોનું મંગાવી દૂત બનેલા મંત્રીને આપી દીધું.જ્યારે આ વાત રાણીએ જાણી ત્યારે તે પતિના પુણ્ય-પ્રભાવની શક્તિ જોઈ પ્રભાવિત થઈ ગઈ. જેના નામ માત્રથી સોનાની લંકા ધ્વસ્ત થઈ શકે અને રાવણ જેવો રાક્ષસ સવા મણ સોનું આપી દે, તેની નજરમાં આ રેશમી વસ્ત્રો કે સોનાના આભૂષણોની શી વિસાત ? રાણીના મનમાંથી સાંસારિક આસક્તિનો ભાવ હટી ગયો. તેણે પતિને કહ્યું, 'મહારાજ, આ સોનું મને ના ખપે. તમે પાછું મોકલાવી દો. મને માફ કરી દો. હું બહેકી ગઈ હતી. આજે તમે મને એવાં અલભ્ય આભૂષણો આપ્યા છે જેણે શરીર જ નહિ મારા આત્માને શણગારી દીધો છે.' રાણીના મનમાંથી કડવાશ દૂર થઈ ગઈ. પતિ પ્રત્યે પ્રેમ, માન-સન્માન વધી ગયાં. જ્યારે પ્રેમનો અહેસાસ થાય ત્યારે મનમાં સ્નેહભાવ પાંગરે છે. મનમેળ થતાં જ એક પૂણ્ય આદરભાવ જાગે છે.

માન આપવું કે ના આપવું તેનો નિર્ણય બુદ્ધિ કરે છે. બુદ્ધિ સત્ય તરફ નહિ, લાભ અને લોભ તરફ વળે છે. સ્વાર્થ ખાતર એકબીજાનો ઉપયોગ થતો હોય અને કામ પૂરું થતાં નજર ફેરવી લેવાતી હોય ત્યારે સંબંધમાં રોજિંદાપણું આવે છે. મનમાં માન ઉઘરાવી લેવાની વૃત્તિ હોય કંઈક મેળવી લેવાની ગણત્રી હોય ત્યાં સુધી બીજાના મન સુધી પહોંચી શકાતું નથી. મેં ગુડમોર્નિંગ કહ્યું તેણે જવાબ ના આપ્યો.

# ઘોઘા - રત્નસાર નગરી સિદ્ધક્ષેત્રનો સોનેરી ઇતિહાસ

સમયની સરિતાના વહેતા જળ અણખૂટ વહ્યા કરે છે એવી જ રીતે ઈતિહાસની બાબતમાં પણ અતિ પ્રાચીન સમયનો ઈતિહાસ અંધકારમાં ડૂબેલો હોય છે પરંતુ સમયના તેજસ્વી તારકોની જેમ જૈન ધર્મનો અતિ પ્રાચીન ઈતિહાસ ઉજાગર થાય છે

**3000 વર્ષ પહેલા ઘોઘાનું અસલ નામ રત્નસાર નગરી હતું. અને તે જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર હતું. વલભીપુર વિદ્યાપીઠ અને ઘોઘાનો વિસ્તાર હાથબ , (હસ્તતીર્થ) વિસ્તાર સિદ્ધક્ષેત્ર તરીકે પ્રખ્યાત હતા. અહીં જૈન ધર્મનું ભવ્ય દેરાસર હતું આ સમયે ઘોઘાનું નામ રત્નદીપ નગર બન્યું. અહીં અતિ પ્રાચીન જૈન મંદિર હતું તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.**

તે સમયે ઘોઘાનું નામ રત્નસાર નગરી હતું. ૩૦૦૦ વર્ષ પછીના સમયમાં તેનું નામ રત્નદીપ પડ્યું. ઘોઘા અનેકવાર તૂટ્યું છે અને ફરી બન્યું છે.

ઈતિહાસમાં ઘોઘાનો ઈતિહાસ પાંચમી થી સોળમી શતાબ્દી સુધીનો જ છે એ પહેલાંના ઈતિહાસની કોઈએ નોંધ લીધી નથી નોંધ કરી નથી. જે કઈ છે તેના પુરાતત્વીય પુરાવા નથી.ઘોઘા બંદરે ૮૪ બંદરોના વાવતા ફરકતા એ ગુજરાતના વહાણવટાના ઈતિહાસ નું સોનેરી પ્રકરણ છે પરંતુ તે પહેલા પણ રત્નસાર નગર નામે જાણીતું હતું.તેના પુરાવા હજુ સંશોધનનો વિષય છે.

પાંચથી ૧૧મી સદી સુધીના ઈતિહાસમાં ઘોઘા બંદરે ૮૪ બંદરના વાવટા ફરકતા અને તે મહત્વનું બંદર હતું અને તેનો વ્યવહાર શ્રીલંકા થી માંડી અગ્નિ એશિયન દેશો સુધી હતો તે ઈતિહાસ મળે છે.

પરંતુ ૩૦૦૦ વર્ષ પહેલા ઘોઘાના સ્થાને રત્નસાર નગર હતું. ભગવાન મહાવીર સ્વામીના પછીના સમયમાં સિદ્ધ ક્ષેત્ર પાલીતાણા વલભીપુર જે એક સમયે નાલંદા તક્ષશિલા કરતાં પણ મોટું વિદ્યા ધામ હતું તે પણ આ સિદ્ધક્ષેત્રમાં આવતું હતું. હાલમાં વલભીપુર ખાતે ભારતીય પુરાતત્વ દ્વારા આ બાબતનું સંશોધન ચાલી રહ્યું છે તેમાં ઘણા પ્રાચીન અવશેષો પ્રાપ્ત થઈ રહ્યા છે પરંતુ આપણે અહીં વાત ઘોઘાની કરવાની છે.

૩૦૦૦ વર્ષ પહેલા ઘોઘા રત્નસાર નગરી તરીકે વિખ્યાત હતું અને તેનો ઉલ્લેખ સ્કંદપુરાણમાં છે આ પુરાણના રેવા ખંડ ની અંદર તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે મતલબ કે આ રત્નસાર નગર અતિ પ્રાચીન નગરી છે ત્યાર પછીના સમયે તે જૈન ધર્મનું સિદ્ધક્ષેત્ર બન્યું અહીં ભવ્ય જૈન મંદિર હતું જેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો અને ઈતિહાસનું સોનેરી પાનું પ્રગટ થયું.

પાંચથી દસમી શતાબ્દી સુધીમાં અહીંના ભવ્ય જૈન મંદિરને નષ્ટ કરવામાં આવ્યું તેની મૂર્તિના નવ ટુકડા નો ઈતિહાસ જાણીતો છે જે નવખંડા જૈન તીર્થ તરીકે પ્રસિદ્ધ છે પરંતુ આપણે તેની પહેલાંના ઈતિહાસની વાત કરવી છે તો ૩૦૦૦ વર્ષ પહેલાં આ નગરીનું બીજું નામ રત્નદીપ નગર પડ્યું રત્નદીપ ઘોઘા તરીકે હવે તેનું નામ પ્રસિદ્ધ થવું જોઈએ કારણ કે તે જૈન ધર્મના મુખ્ય સિદ્ધક્ષેત્રમાં આવે છે પર્વત રાજ પાલીતાણાના અતિ પવિત્ર પર્વતના ઝાંખી દર્શન થાય તે તમામ જમીન સિદ્ધક્ષેત્ર ગણાય છે આ સિદ્ધ ક્ષેત્રમા વલભીપુર એ આગળનો વિસ્તાર પણ આવે છે. જે સ્થાને આજે એવી અયોધ્યાપુરમ છે.

રત્નદ્વીપ—ઘોઘા તીર્થજન્મ-કલ્યાણક મહોત્સવની દિવ્ય ગાથા ગત સપ્તાહે ઉજવવામાં આવી.

ભાવનગરના દરિયાકિનારે ભક્તિ, ત્યાગ અને વૈરાગ્યનો અદભુત સંગમ અહીં થયેલો હતો.

ભાવનગરના ઐતિહાસિક દરિયાકિનારે સ્થિત રત્નદ્વીપ—ઘોઘા તીર્થ ખાતે આયોજિત શ્રીજિનેન્દ્ર પંચકલ્યાણક મહામહોત્સવ એક દિવ્ય અને ભવ્યતમ શિખરે પહોંચ્યો. પૂજ્ય આચાર્ય સુનિલસાગરજી ગુરુદેવના પાવનકારી સંઘના વિશેષ વિસ્તાર હેઠળ, હજારો વર્ષ જૂના સહસ્ત્રકૂટ મંદિરમાં, તીર્થંકર પ્રભુના 'જન્મ અને કલ્યાણક મહોત્સવ'ની અદભુત ઉજવણી કરવામાં આવી હતી.

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

આ માત્ર એક ધાર્મિક ક્રિયાકાંડ નહોતો, પરંતુ તે ભક્તિ, આનંદ અને પરમ આધ્યાત્મિક ઉર્જાના પ્રવાહનું પ્રત્યક્ષ દર્શન હતું, જ્યાં જાણે પૃથ્વી પર સ્વર્ગ ઊતરી આવ્યું હોય તેવો અહેસાસ સર્જાયો હતો.

પ્રભુજીના જન્મ-કલ્યાણકના અવિસ્મરણીય દ્રશ્યએ ઉપસ્થિત હજારો ભક્તોના હૃદયમાં ભક્તિરસનું સિંચન કર્યું. સમસ્ત સંકુલ ધર્મપ્રેમી ભાઈ-બહેનોની હાજરીથી ભરચક હતું, જ્યાં દૂર-દૂરથી પધારેલા શ્રાવકોએ તીર્થંકર પ્રભુના જીવનના આ પાવન પર્વનો અલૌકિક આનંદ અનુભવ્યો. આ દિવ્ય ઘડીઓએ સમસ્ત જૈન સમાજની એકતા અને સમર્પણ ભાવનાને મૂર્તિમંત કરી.

આચાર્યશ્રીનું પ્રેરક સંબોધન કર્યું હતું.કાર્યની અદ્દભુતતા અને જન્મનું સૌંદર્ય પણ અદભુત હતું.

આ મહામહોત્સવના કેન્દ્રબિંદુ સમા આચાર્ય સુનિલસાગરજી ગુરુદેવે પોતાના પ્રવચનમાં જીવનના બે મૂળભૂત સિદ્ધાંતોનું માર્ગદર્શન કર્યું. શ્રાવક સમુદાયને સંબોધતા તેમણે ગહન તત્વજ્ઞાન રજૂ કરતાં કહ્યું:

'તમારું કામ એવી રીતે કરો કે તે અદભુત બને અને એવી રીતે જન્મ લે કે વિશ્વ સુંદર બને છે.'

આ વચનો માત્ર ઉપદેશ નહોતા, પરંતુ દરેક વ્યક્તિને તેમના કર્મોની ગુણવત્તા અને જીવનના હેતુની મહત્તા સમજાવતી એક જીવનદાયક ફિલસૂફી હતી. તેમણે સમજાવ્યું કે વ્યક્તિનું કાર્ય માત્ર આજીવિકાનું સાધન ન રહેતા, તે એક કલા, એક ઉપાસના બનવું જોઈએ, જે સમાજ અને વિશ્વ માટે કલ્યાણકારી હોય. તેવી જ રીતે, આ મનુષ્ય જન્મ એક દુર્લભ અવસર છે, જેનો ઉપયોગ આત્મકલ્યાણ અને જગતકલ્યાણ માટે થવો જોઈએ, જેથી વિશ્વમાં સુંદરતા અને શાંતિનો વિસ્તાર થાય.ભાવનગરના ભક્તોનું સમર્પણ અને તીર્થોદ્ધારનો મહિમા આચાર્યશ્રીએ પોતાના સંબોધનમાં ભાવનગરના જૈન સમાજની એકતા, ભક્તિ અને સમર્પણની હૃદયપૂર્વક પ્રશંસા કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ઓછા સંસાધનો અને પડકારરૂપ દરિયાકિનારાના વાતાવરણ હોવા છતાં, ભાવનગરના ભક્તોએ જે અદ્ભુત મંદિરનું નિર્માણ કરીને બતાવ્યું છે, તે ઈતિહાસનું એક જીવંત ઉદાહરણ છે. તેમણે કહ્યું કે આ સિદ્ધિએ સાબિત કર્યું કે કોઈપણ કાર્ય માટે સંસાધનો કરતાં દૃઢ સંકલ્પ અને શ્રદ્ધા વધુ મહત્વપૂર્ણ છે.

તેમણે જીર્ણોદ્ધાર (જૂના મંદિરોનો ઉદ્ધાર) ના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો. તેમણે ભૂતકાળમાં નષ્ટ થયેલા પ્રાચીન જૈન મંદિરોના ઉદાહરણો આપીને ચેતવણી આપી. સાથે જ, ઘોઘાની ૩૦૦૦ વર્ષ જૂની પરંપરાને શ્રાવકોએ કબજે કરીને તેને ભવ્ય મંદિરમાં પુનર્જીવિત કરી, તે બદલ સમાજની સરાહના કરી. આ તીર્થોદ્ધારની પ્રવૃત્તિ માત્ર ઈમારતનું સમારકામ નથી, પરંતુ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું સંરક્ષણ છે.

મહેનત, પરિણામ અને આશીર્વાદનો ત્રિવેણી સંગમ

આચાર્યશ્રીએ આર્થિક જીવન અને આધ્યાત્મિકતાને જોડતો એક અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધાંત રજૂ કર્યો. તેમણે સ્પષ્ટ કર્યું કે જીવનમાં સફળતા માત્ર શારીરિક શ્રમ પર નિર્ભર નથી:

'કમાણી મહેનતથી થાય છે, પરંતુ પરિણામ ત્યારે જ મળે છે જ્યારે પૂર્વજો, ગુરુ, ભગવાનના આશીર્વાદ તમારી સાથે હોય.'

આ સૂચન દ્વારા તેમણે શ્રમની સાથે સાથે ધર્મ અને આશીર્વાદના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે સમાજને એક આવકારદાયક આહ્વાન કરતાં જણાવ્યું કે, દરેક વ્યક્તિએ પોતાની આવકનો એક નાનો હિસ્સો—૫, ૭, અથવા ૧૦ ટકા—ફાળવવો



જોઈએ. આ ફાળો ધર્મ, શિક્ષણ, સેવા અને યાત્રાધામોની સુરક્ષા જેવા પવિત્ર કાર્યોમાં રોકાણ થવો જોઈએ. આ રીતે, ધનનું પરિણામ માત્ર અંગત સુખ ન રહેતા, સમષ્ટિના કલ્યાણમાં ફેરવાઈ જાય છે.

રત્નદ્વીપ—ઘોઘા તીર્થ ખાતેનો જન્મ-કલ્યાણક મહોત્સવનો , ધાર્મિક ઉત્સવ કરતાં વધુ, એક આધ્યાત્મિક જાગરણ હતું આ મહોત્સવમાં જૈન સમાજની એકતા, આચાર્યશ્રીના પ્રેરક વચનો અને ભક્તોનું અસીમ સમર્પણ ભાવનગરના દરિયાકિનારે એક દિવ્ય અને અનમોલ ગાથાનું સર્જન કરી ગયું છે. ભવ્ય ભૂતકાળના સોનેરી ઉજાસ ને ફરી એક વાર ભાવ સભર ભૂમિ માં સાકાર કરવામાં આવ્યો તેના આનંદ ની અનુભૂતિ કલ્પનાતીત છે.

# બીસીસીઆઈની એજીએમમાં રોહિત અને કોહલીના કરારો પર ચર્ચા થશે



નવીદિલ્હી,
ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ એપેક્સ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાલી રહેલી પાંચ મેચની ટી ૨૦ શ્રેણી પછી યોજાશે. એજીએમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીના કરારો પર ચર્ચા થાય તેવી શક્યતા છે. એવું માનવામાં આવે છે કે ભારતીય વનડે અને ટેસ્ટ ટીમના કેપ્ટન શુભમન ગિલને બઢતી આપીને તેમના કરારની એ + શ્રેણીમાં મૂકવામાં આવી શકે છે.

જ્યારે બીસીસીઆઇ વાર્ષિક કરારની જાહેરાત કરશે, ત્યારે ગિલ એ+ શ્રેણીમાં સિનિયર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ સાથે જોડાશે તેવી શક્યતા ખૂબ જ છે. ગિલ હાલમાં ખેલાડીઓની છ શ્રેણીમાં છે. બીસીસીઆઇ એજીએમ ૨૨ ડિસેમ્બરે યોજાશે. એપેક્સ કાઉન્સિલની ૩૧મી એજીએમ ઓનલાઈન યોજાશે, જ્યાં કોહલી અને રોહિતના કરાર પર નિર્ણય લેવાની અપેક્ષા છે. બંનેએ ગયા વર્ષે ટેસ્ટ અને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે અને હવે તેઓ ફક્ત વનડે ક્રિકેટ રમે છે.

અન્ય બાબતોમાં, અમ્પાયરો અને મેચ રેફરીઓના પગારમાં ફેરફાર, તેમજ બોર્ડની ડિજિટલ સંપત્તિમાં અપડેટ્સ પર ચર્ચા કરવામાં આવશે. મ્ઝ્રૈં અધિકારીઓમાં ફેરફાર પછી આ એપેક્સ કાઉન્સિલની પ્રથમ છય્સ્ હશે. સપ્ટેમ્બરમાં મિથુન મનહાસ બોર્ડના પ્રમુખ બન્યા, અને રઘુરામ ભટ્ટને ખજાનચી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, જ્યારે દેવજીત સૈકિયા અને પ્રભતેજ સિંહ ભાટિયાને અનુક્રમે સેક્રેટરી અને જોઈન્ટ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહ પણ છેલ્લી બોર્ડ ચૂંટણીમાં કાઉન્સેલર તરીકે બોર્ડમાં જોડાયા હતા.૨૦૨૪-૨૫ માટે બીસીસીના વાર્ષિક કરારમાં સમાવિષ્ટ ખેલાડીઓ:ગ્રેડ એ+: રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા.

ગ્રેડ એઃ મોહમ્મદ સિરાજ, કેએલ રાહુલ, શુભમન ગિલ, હાર્દિક પંડ્યા, મોહમ્મદ શમી, ઋષભ પંત.ગ્રેડ બીઃ સૂર્યકુમાર યાદવ, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, યશસ્વી જયસ્વાલ, શ્રેયસ ઐયર.

ગ્રેડ સીઃ રિંકુ સિંહ, તિલક વર્મા, રુતુરાજ ગાયકવાડ, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, વોશિંગ્ટન સુંદર, મુકેશ કુમાર, સંજુ સેમસન, અર્શદીપ સિંહ, પ્રસીદ કૃષ્ણ, રજત પાટીદાર, ધ્રુવ જુરેલ, સરફરાઝ ખાન, નીતિશ કુમાર રેડ્ડી, ઈશાન કિશન, અભિષેક, દીપક શર્મા, અભિષેક, હરકન શર્મા, અભિષેક.

# ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાન પ્રવાસની તૈયારીઓની સમીક્ષા કરીઃ પીસીબીએ હૈદર અલી પરનો પ્રતિબંધ હટાવ્યો

ઈસ્લામાબાદ,
જાન્યુઆરીમાં તેમની ટીમ ત્રણ મેચની ટી ૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે પાકિસ્તાનનો પ્રવાસ કરે તે પહેલાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાનું એક પ્રતિનિધિમંડળ લાહોરમાં છે. પ્રતિનિધિમંડળમાં એક સ્વતંત્ર સુરક્ષા સલાહકાર અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના એક અધિકારીનો સમાવેશ થાય છે. દરમિયાન, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડએ બેટ્સમેન હૈદર અલી પર લાદવામાં આવેલ કામચલાઉ સસ્પેન્શન હટાવી લીધું છે, જેણે સપ્ટેમ્બરમાં માન્ચેસ્ટરમાં બળાત્કારના આરોપોમાંથી મુક્ત થયા પછી કોઈપણ સ્પર્ધાત્મક ક્રિકેટ રમી નથી.ઓસ્ટ્રેલિયા આવતા વર્ષની શરૂઆતમાં પાકિસ્તાનનો પ્રવાસ કરશે અને બે તબક્કામાં મર્યાદિત ઓવરોની શ્રેણી રમશે. પ્રથમ તબક્કામાં જાન્યુઆરીમાં ત્રણ મેચની્ ૨૦ શ્રેણીનો સમાવેશ થશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડએ હજુ સુધી આ શ્રેણીનું સમયપત્રક જાહેર કર્યું નથી, પરંતુ એવું લાગે છે કે ત્રણેય મેચ લાહોરમાં રમાશે. પ્રતિનિધિમંડળના પ્રવાસ કાર્યક્રમમાં લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ અને ઓસ્ટ્રેલિયન ટીમ જ્યાં રોકાશે તે હોટેલની મુલાકાતનો સમાવેશ થાય છે. તેઓ પીસીબી અધિકારીઓ અને સરકાર અને સુરક્ષા પ્રતિનિધિઓ સાથે પણ મુલાકાત કરશે.ઓસ્ટ્રેલિયા આવતા વર્ષે માર્ચમાં ત્રણ મેચની વનડે શ્રેણી માટે ફરીથી પાકિસ્તાનનો પ્રવાસ કરશે. એવી અટકળો છે કે વનડે શ્રેણી મુલતવી રાખવામાં આવી શકે છે અને ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ પહેલા યોજાઈ શકે છે.પીસીબીએ પુષ્ટિ કરી કે અલી બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં રમવા માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવામાં આવેલા નવ પાકિસ્તાની ખેલાડીઓમાં સામેલ છે. બોર્ડના એક સૂત્રએ જણાવ્યું હતું કે, "ખેલાડીઓને ૨૩ જાન્યુઆરી સુધી ટુર્નામેન્ટમાં રમવાની પરવાનગી આપવામાં આવી છે. પાકિસ્તાન માટે ૩૫ ટી૨૦ આંતરરાષ્ટ્રીય અને ત્રણ વનડે રમનાર અલી પાકિસ્તાન શાહીન (પાકિસ્તાન એ) ટીમ સાથે ઈંગ્લેન્ડના પ્રવાસ પર હતો ત્યારે બ્રિટિશ મૂળની એક પાકિસ્તાની મહિલાએ માન્ચેસ્ટર પોલીસમાં તેના પર બળાત્કારનો આરોપ લગાવ્યો હતો.

# મને ક્રિકેટ સિવાય બીજું કંઈ ગમતું નથી,ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાના



નવીદિલ્હી,
ભારતીય મહિલા ટીમની ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાના પલાશ મુછલ સાથેના લગ્ન સમાપ્ત થયા પછી પહેલીવાર જાહેરમાં જોવા મળી હતી. મંધાના હરમનપ્રીત કૌર સાથે એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. મંદિરા બેદી સાથેની વાતચીતમાં, મંધાનાએ ખુલાસો કર્યો કે તેણીને ક્રિકેટ રમવા સિવાય બીજું કંઈ ગમતું નથી. ભારતીય ટીમની જર્સી પહેરવા અંગે, મંધાનાએ કહ્યું કે તે બધી ચિંતાઓ દૂર કરે છે કારણ કે તે પહેરવાથી જવાબદારીનો અહેસાસ થાય છે.

કાર્યક્રમ દરમિયાન, મંધાનાએ કહ્યું, "મને ક્રિકેટ સિવાય બીજું કંઈ ગમતું નથી. ભારતીય જર્સી પહેરવાથી મને પ્રેરણા મળે છે અને બધી ચિંતાઓ બાજુ પર રહે છે. મેં હંમેશા બધાને કહ્યું છે કે એકવાર તમે જર્સી પહેરો છો, પછી તમે બધી ચિંતાઓ બાજુ પર રાખો છો કારણ કે તમારી પાસે જવાબદારી છે. તમે લાખો લોકોનું પ્રતિનિધિત્વ કરો છો. આ વિચાર જ તમને સારું પ્રદર્શન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પૂરતો છે."

મંધારાએ પૂછ્યું કે શું ટીમમાં કોઈ મતભેદ છે. જો એમ હોય, તો તેને કોણ ઉકેલે છે? મંધાનાએ જવાબ આપ્યો, "તમે મને આ પ્રશ્ન પૂછ્યો તે બદલ હું પ્રશંસા કરું છું. મને નથી લાગતું કે કોઈ સમસ્યા છે કારણ કે ટીમમાં દરેક વ્યક્તિ દેશ માટે મેચ જીતવા માંગે છે. દરેક વ્યક્તિનો તેના પર પોતાનો અભિપ્રાય હોય છે. જો આપણે કોઈ બાબતમાં અસંમત હોઈએ, તો તે દર્શાવે છે કે આપણે દેશને જીતવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ નથી."

મંધાનાએ કહ્યું, "ડ્રેસિંગ રૂમમાં ચર્ચાઓ થાય છે, પરંતુ હું તેને ચર્ચા નહીં કહું. આપણે પહેલા બેટિંગ કરવી કે બોલિંગ કરવી તે નક્કી કરવું પડશે." આપણે મેચ કેવી રીતે જીતી શકીએ તે અંગે દરેકનો પોતાનો અભિપ્રાય છે. મેં ક્યારેય આવી ચર્ચાઓને દલીલોમાં ફેરવાતી જોઈ નથી. હા, એવો સમય આવ્યો છે જ્યારે હું હરમનપ્રીત પાસે ગયો છું અને કહ્યું છે કે આપણે આ કરવું જોઈએ. અમારો સંબંધ એવો છે કે આપણે કંઈપણ ના કહી શકીએ છીએ.

# આઈપીએલ પછી ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન દિનેશ કાર્તિક હવે વિદેશી લીગમાં કોચ તરીકે જોવા મળશે



મુંબઈ,
આઈપીએલ પછી, ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન દિનેશ કાર્તિક હવે ઈંગ્લેન્ડમાં ધ હંડ્રેડ ટુર્નામેન્ટમાં કોચ કરશે. કાર્તિકને ધ હંડ્રેડ ટીમ લંડન સ્પિરિટના મેન્ટર અને બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ફ્રેન્ચાઈઝીએ આ જાહેરાત કરી છે. કાર્તિક આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કોચિંગ સ્ટાફનો ભાગ છે અને હવે અન્ય વિદેશી લીગમાં પણ કોચિંગ કરશે.

લંડન સ્પિરિટના ક્રિકેટ ડિરેક્ટર મો બોબાટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમને દિનેશ કાર્તિકનું લંડન સ્પિરિટમાં સ્વાગત કરતાં આનંદ થાય છે. તેની પાસે ક્રિકેટનું બહોળું જ્ઞાન છે અને રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં ફ્રેન્ચાઈઝ ક્રિકેટમાં તેનો વ્યાપક અનુભવ અમારા માટે અમૂલ્ય સાબિત થશે." કાર્તિકે આઈપીએલ ૨૦૨૪ પછી તેની સ્થાનિક કારકિર્દીનો અંત લાવ્યો હતો, પરંતુ તે અન્ય લીગમાં રમવાનું ચાલુ રાખે છે. ૪૦ વર્ષીય ખેલાડી હાલમાં યુએઈ ની આઈપીએલ ૨૦ લીગમાં શારજાહ વોરિયર્સ સાથે છે. તે છેલ્લી એસએ ૨૦ સીઝનમાં પાર્લ રોયલ્સ માટે રમ્યો હતો. કાર્તિકે ભારત માટે ૨૬ ટેસ્ટ, ૯૪ વનડે અને ૬૦ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે.

કાર્તિકે કહ્યું, "લંડન સ્પિરિટમાં જોડાવાનો સમય કેટલો અદ્ભુત છે." હું તેના માટે ખરેખર ઉત્સાહિત છું. લોર્ડ્સમાં કામ કરીને ઉનાળો વિતાવવો ખરેખર એક સ્વપ્ન સાકાર થવા જેવું છે. આ એ જ મેદાન છે જ્યાં મેં ભારત માટે મારું આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કર્યું હતું અને મારી છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી. લોર્ડ્સ મારા હૃદયની ખૂબ નજીક છે. હું આવતા વર્ષે કેટલાક અસાધારણ ક્રિકેટરો સાથે કામ કરવા માટે ખરેખર આતુર છું.



# પ્રિયંકા ચોપરા ૧૨ કલાકથી ઓછા સમયમાં ભારતથી અમેરિકા પરત ફરી છે; કહે છે, ફરી મળીશું

મુંબઈ,
નિક જોનાસ સાથે લગ્ન કર્યા પછી અભિનેત્રી પ્રિયંકા ચોપરા અમેરિકામાં રહે છે. જો કે, તે કામ અને પ્રોજેક્ટ્સ માટે વારંવાર ભારતની મુલાકાત લે છે. આ વખતે, અભિનેત્રી ફક્ત ૧૨ કલાક માટે ભારતની મુલાકાત લીધી અને પછી યુએસ પાછી ફરી. જોકે, પ્રિયંકા ચોપરાએ જતા પહેલા ફરીથી મળવાનું વચન આપ્યું હતું.

પ્રિયંકા ચોપરા બુધવારે સવારે મુંબઈ આવી હતી. આ વખતે, તે શૂટિંગ માટે મુંબઈમાં નહોતી, પરંતુ કપિલ શર્માના શો "ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો" માં હાજર રહેવા માટે હતી. શોનું શૂટિંગ કર્યા પછી, પ્રિયંકા ૧૨ કલાકમાં અમેરિકા પરત ફરી ગઈ. ગુરુવારે વહેલી સવારે, પ્રિયંકા ચોપરા ઘરે પરત ફરી. એરપોર્ટ જતી વખતે, અભિનેત્રીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક સેલ્ફી શેર કરી અને તેના ચાહકો માટે એક મીઠો સંદેશ લખ્યો. તેના સેલ્ફી સાથે, પ્રિયંકાએ લખ્યું, "ચાલો પાછા જઈએ! આ વખતે ૧૨ કલાકથી ઓછા સમય પછી. ફરી મળીશું."

એરપોર્ટ પર પ્રિયંકા ચોપરાનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. એરપોર્ટ પર પહોંચતા જ ચાહકોએ તેને ઘેરી લીધો. પ્રિયંકા ચોપરાએ ખુશીથી ચાહકો સાથે ફોટા પડાવ્યા અને પાપારાઝીનું નમસ્તે કરીને સ્વાગત કર્યું.

કામની વાત કરીએ તો, પ્રિયંકા ચોપરા હાલમાં એસએસ રાજામૌલીની ફિલ્મ "વારાણસી" માટે સમાચારમાં છે. તે મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન સાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ એક ખૂબ જ અપેક્ષિત ફિલ્મ છે. ફિલ્મનો પહેલો લુક ગયા મહિને જાહેર કરવામાં આવ્યો હતો, અને હૈદરાબાદમાં એક મોટો કાર્યક્રમ યોજાયો હતો. આ ફિલ્મ પૌરાણિક કથાઓ અને સમય યાત્રા પર આધારિત છે. તે એક શાનદાર એક્શન-એડવેન્ચર બનવાનું વચન આપે છે.

# શું કાર્તિક આર્યન હોલીવુડના દિગ્દર્શક સાથે કામ કરશે? ડેરેન એરોનોફસ્કી સાથેની તેમની મુલાકાતે ચર્ચા જગાવી




મુંબઈ,
આ વર્ષે, રેડ સી ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ફક્ત તેની ફિલ્મો માટે જ નહીં, પરંતુ સ્ટાર્સ સાથેના તેના અણધાર્યા મેળાપ માટે પણ હેડલાઈન્સ બન્યો. આ જ પ્લેટફોર્મ પર, બોલિવૂડ સ્ટાર કાર્તિક આર્યન અને હોલીવુડના દિગ્ગજ દિગ્દર્શક ડેરેન એરોનોફસ્કી વચ્ચેની મુલાકાતે બધાનું ધ્યાન ખેંચ્યું. તે માત્ર ઔપચારિક મુલાકાત નહોતી, પરંતુ બંને વચ્ચે એક ખાસ બંધન સ્પષ્ટ હતું.

ફેસ્ટિવલ દરમિયાન, કાર્તિક આર્યને સોશિયલ મીડિયા પર એક વિડિઓ શેર કર્યો જેમાં તે ડેરેન એરોનોફસ્કી સાથે દેખાયો, જે "બ્લેક સ્વાન" અને "રેક્વિમ ફોર અ ડ્રીમ" જેવા કલ્ટ સિનેમા માટે જાણીતા છે. વિડિઓમાં, બંને ચા પીતા, હસતા અને પુશ-અપ્સ કરતા પણ જોવા મળ્યા. આ હળવાશભર્યા વાર્તાલાપથી ચાહકોનું ખૂબ મનોરંજન થયું.

કેમેરામાં જોતા, ડેરેન એરોનોફસ્કીએ કાર્તિકના ચાહકોને એક ખાસ સંદેશ આપ્યો અને તેમની ખૂબ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે તેઓ ઘણી વખત ભારતની મુલાકાત લઈ ચૂક્યા છે અને ભારતીય સિનેમા પ્રત્યે ખાસ જુસ્સો ધરાવે છે. આ ક્ષણ કાર્તિક માટે પણ ખાસ હતી, કારણ કે એક આંતરરાષ્ટ્રીય દિગ્દર્શકે માત્ર તેમની પ્રતિભાની પ્રશંસા જ નહીં પરંતુ ભવિષ્યમાં સાથે કામ કરવાનો સંકેત પણ આપ્યો હતો.વિડિઓ વાતચીત દરમિયાન, બંનેએ ભારતમાં ફિલ્મ બનાવવાના વિચાર પર પણ ચર્ચા કરી. ડેરેને મજાકમાં પૂછ્યું કે શું કાર્તિક તેને ભારત આમંત્રણ આપશે અને ગીતો અને નૃત્યથી ભરેલી ફિલ્મમાં કામ કરવા માટે કહેશે. કાર્તિકે હસીને કહ્યું કે એક કોમર્શિયલ ભારતીય ફિલ્મ એક શાનદાર અનુભવ હશે. આ ટૂંકી વાતચીતે એવી અટકળોને વધુ વેગ આપ્યો કે બોલિવૂડ અને હોલીવુડનું આ મિશ્રણ ભવિષ્યમાં મોટા પડદા પર જોઈ શકાય છે.

# શાહરૂખ ખાને ઓસ્કાર-નોમિનેટેડ "હોમબાઉન્ડ" ની પ્રશંસા કરી, કરણ જોહરે જવાબ આપ્યો



મુંબઈ,
ઈશાન ખટ્ટર અને વિશાલ જેઠવાની "હોમબાઉન્ડ" ભલે થિયેટરોમાં સફળ ન રહી હોય, પરંતુ બોલિવૂડના "કિંગ" શાહરૂખ ખાને ખુલ્લેઆમ દિગ્દર્શક નીરજ ઘાયવાનની "હોમબાઉન્ડ" ની પ્રશંસા કરી છે. સામાજિક સંવેદનાઓને સ્પર્શતી આ ફિલ્મને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી ચૂકી છે, અને હવે, શાહરૂખ ખાનના વખાણથી ફરી એકવાર ફિલ્મની આસપાસ ચર્ચા જાગી છે.શાહરૂખ ખાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર ફિલ્મની પ્રશંસા કરી. તેમણે તેને એક નરમ, પ્રામાણિક અને હૃદયસ્પર્શી વાર્તા ગણાવી. તેમણે કહ્યું કે "હોમબાઉન્ડ" ફક્ત એક ફિલ્મ નથી, પરંતુ માનવતા અને કરુણાનો વિજય છે.એસઆરકેએ દિગ્દર્શક નીરજ ઘાયવાન, સમગ્ર કલાકારો અને પ્રોડક્શન ટીમને અભિનંદન આપતા કહ્યું કે તેમણે વિશ્વભરના દર્શકોના દિલ જીતી લીધા છે.કરણ જોહરે શાહરૂખ ખાનની પોસ્ટ જોયા પછી આભાર માન્યો. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરતા કરણે લખ્યું, "ફિલ્મને ટેકો આપવા બદલ મારા હૃદયના ઊંડાણથી આભાર. મને ખૂબ આનંદ છે કે તમે બધાએ તે જોઈ અને તરત જ તેને પ્રેમ કરી રહ્યા છો."

'હોમબાઉન્ડ' બે મિત્રોની વાર્તા કહે છે જેઓ રોગચાળા દરમિયાન ઘરે પાછા ફરવાનો પ્રયાસ કરે છે. આ સફર દરમિયાન, ફિલ્મ જાતિ, ધર્મ અને સામાજિક ભેદભાવ જેવા મુદ્દાઓને સંવેદનશીલતાથી સંબોધે છે. તે બતાવે છે કે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ માનવીમાં કરુણા અને માનવતા કેવી રીતે જીવંત રહે છે.આ ફિલ્મમાં ઈશાન ખટ્ટર, વિશાલ જેઠવા અને જાહ્નવી કપૂર મુખ્ય ભૂમિકામાં છે. ત્રણેય કલાકારોના અભિનયની ખાસ પ્રશંસા કરવામાં આવી છે. ઈશાન ખટ્ટરનો સંયમિત અભિનય, વિશાલ જેઠવાની ઊંડાણ અને જાહ્નવી કપૂરનો પરિપક્વ અભિનય ફિલ્મને મજબૂત બનાવે છે.

# અભિનેત્રી કૃતિકા કામરાએ એક પોસ્ટમાં ગૌરવ કપૂર સાથેના તેના સંબંધને જાહેર કર્યો

મુંબઈ,
તેઓ કહે છે કે જ્યાં તણખા હોય ત્યાં જ ધુમાડો નીકળે છે. કેટલાક સમયથી, અભિનેત્રી કૃતિકા કામરા અને ટેલિવિઝન પ્રસ્તુતકર્તા ગૌરવ કપૂર વચ્ચેના સંબંધો વિશે અફવાઓ ચાલી રહી છે. આખરે, આજે, કૃતિકાએ આ અફવાઓનો અંત લાવી દીધો અને ગૌરવ કપૂર સાથેના તેના સંબંધને સત્તાવાર બનાવ્યો. કૃતિકાએ એક પોસ્ટ દ્વારા તેમના સંબંધની પુષ્ટિ કરી.કૃતિકાએ તેના ઈન્સ્ટાગ્રામ પર ઘણા ફોટા શેર કર્યા. આ ફોટામાં કૃતિકા અને ગૌરવ બંને જોવા મળે છે. તેઓ સાથે નાસ્તો કરતા અને કોફી પીતા જોવા મળે છે. આ ફોટા શેર કરતા, કૃતિકાએ કેપ્શનમાં ફક્ત લખ્યું, "બ્રેકફાસ્ટ વિથ". દેખીતી રીતે, ગૌરવ કપૂરનો એક યુટ્યુબ શો "બ્રેકફાસ્ટ વિથ ગૌરવ કપૂર" પણ છે, જેમાં તે ક્રિકેટ સેલિબ્રિટીઓ સાથે વાતચીત કરે છે. આ ફોટામાં કૃતિકા અને ગૌરવનો એક સેલ્ફી, તેમજ એક વિડિઓ શામેલ છે જેમાં તેમના કોફી મગ પર "બેબી" શબ્દ લખેલો છે.કૃતિકા અને ગૌરવના સંબંધો વિશે મહિનાઓથી સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાઈ રહી છે. ખાસ કરીને મુંબઈમાં તેઓ સાથે જોવા મળ્યા પછી, બી-ટાઉન વર્તુળોમાં તેમના અફેરની અફવાઓ ફેલાઈ ગઈ હતી. જોકે, આ દંપતીએ તેમના સંબંધોને છુપાવી રાખ્યા હતા. તેઓ ઘણીવાર બાંદ્રાના લોકપ્રિય રેસ્ટોરન્ટમાં જમતા અને મિત્રો સાથે સમય વિતાવતા જોવા મળતા હતા. જોકે, અગાઉ બંનેમાંથી કોઈએ આ અટકળો પર ટિપ્પણી કરી ન હતી. પરંતુ હવે, કૃતિકાએ આ પોસ્ટ સાથે તેમના સંબંધોની પુષ્ટિ કરી છે, અને બધી અટકળો પર વિરામ લગાવ્યો છે.કૃતિકા કામરાની કારકિર્દી ટેલિવિઝનથી શરૂ થઈ હતી. તેણી "કિતની મોહબ્બત હૈ," "કુછ તો લોગ કહેંગે," અને "રિપોર્ટર્સ" જેવા હિટ શોમાં દેખાઈ હતી, જેનાથી તેણીને નોંધપાત્ર લોકપ્રિયતા મળી હતી. ત્યારબાદ તેણીએ વેબ સિરીઝ અને ફિલ્મોમાં પ્રવેશ કર્યો, જ્યાં તેણી ખૂબ લોકપ્રિય બની. કૃતિકા "તાંડવ" (૨૦૨૧), "બોમ્બે મેરી જાન" (૨૦૨૩), અને "ભીડ" (૨૦૨૩) જેવી ફિલ્મો અને વેબ સિરીઝમાં દેખાઈ છે.

# જામનગર જિલ્લા હોમગાર્ડઝ દ્વારા સ્થાપના દિવસની શાનદાર ઉજવણી



જામનગર : જામનગર જિલ્લા હોમગાર્ડઝ દ્વારા તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ હોમગાર્ડઝ સ્થાપના દિવસની શાનદાર ઉજવણી શહેરના ટાઉનહોલ ખાતે કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે સવારે ૩૭૫થી વધુ હોમગાર્ડઝ સભ્યોએ જિલ્લા હોમગાર્ડઝ કચેરીથી ટાઉનહોલ સુધી પ્રભાતફેરી યોજી હતી. ત્યારબાદ નાયબ નિયંત્રક સિવિલ ડિફેન્સ વી. કે. ઉપાધ્યાય અને જિલ્લા કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા સહિત નિવૃત્ત હોમગાર્ડઝ અધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

વંદે માતરમ્ ગાન સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં મહિલા હોમગાર્ડઝ

## ઉત્કૃષ્ટ કામગીરી કરનાર હોમગાર્ડઝ સભ્યોની કામગીરીને બિરદાવી સન્માનિત કરાયાં

દ્વારા હેલારો રાસ અને ભાઈઓ દ્વારા આદિવાસી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કામગીરી અને કોરોનાકાળમાં હોમગાર્ડઝ દ્વારા કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરીની સમીક્ષા કરતી એક ક્લિપ પણ દર્શાવવામાં આવી હતી. જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાએ હોમગાર્ડઝના ઈતિહાસ અને વર્ષ દરમિયાનની તમામ કામગીરીની માહિતી આપી મહેમાનોનું શાબ્દિક અભિવાદન અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કર્યું હતું.

આમંત્રિત મહેમાનોના હસ્તે વર્ષ દરમિયાન જુદા જુદા ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનાર, મુખ્યમંત્રી મેડલ મેળવનાર તથા રાજ્ય અને નેશનલ કક્ષાએ રમતોત્સવમાં નંબર મેળવનાર હોમગાર્ડઝ સભ્યોને પ્રમાણપત્રો આપી બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રમોશન મેળવનાર હોમગાર્ડઝને રેન્ક ધારણ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત, ધોરણ ૧૦, ૧૨ અને કોલેજમાં ઉચ્ચ ગુણાંક મેળવનાર હોમગાર્ડઝ સભ્યોના સંતાનોને હોમગાર્ડઝ વેલફેર ફંડમાંથી આવેલ સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ નિયંત્રક સિવિલ ડિફેન્સ વી. કે. ઉપાધ્યાય, આગેવાન સર્વે બીનાબેન કોઠારી અને ડો. વિનોદ ભંડેરીએ હોમગાર્ડઝની સેવાઓને બિરદાવતાં જણાવ્યું હતું કે, "દરેક જગ્યાએ જામનગરની હોમગાર્ડઝ અગ્રેસર હોય છે."

કાર્યક્રમમાં ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, અભિષેક પટવા, હોમગાર્ડઝ ઈન્સ્પેક્ટર ઈન્સ્ટ્રક્ટર હાજાભાઈ કડછા, સ્ટાફ ઓફિસર લીગલ રૂષિરાજ જેઠવા, તથા નિવૃત ઈન્સ્ટ્રેક્ટર શ્રી એમ.બી.કેર, શ્રી પી.એલ.ખજૂરિયા, અને હેમંત ગોહિલ સહિત અંદાજે ૩૭૫ જેટલા હોમગાર્ડઝ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિવૃત્ત અધિકારીઓ સુનિલ ત્રિવેદી અને ચંદ્રવદન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

## કુચીપુડી નૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી જામનગરનું ગૌરવ વધારતી મૈત્રી




જામનગર : તાજેતરમાં અમરેલી જિલ્લામાં યોજાયેલી પ્રદેશ કક્ષાની કુચીપુડી નૃત્ય સ્પર્ધામાં જામનગરની કુમારીકાએ પ્રથમ ક્રમ હાંસલ કરીને જામનગરનું ગૌરવ વધાર્યું છે.

અમરેલી જિલ્લામાં આ વર્ષે આયોજિત કલામહાકુંભ ૨૦૨૫ અંતર્ગત યોજાયેલી પ્રદેશ કક્ષાની કુચીપુડી નૃત્ય સ્પર્ધામાં કુમારી મૈત્રી પ્રકાશભાઈ જોષીએ પ્રથમ ક્રમ હાંસલ કરીને જામનગરનું નામ ઉજ્જવલ બનાવ્યું છે. તેણીએ તેમના ગુરુ નીતાબેન પી. આચાર્ય, સરસ્વતી કુચીપુડી નૃત્ય સંસ્થાની પ્રતિભાશાળી માર્ગદર્શિકાના માર્ગદર્શન હેઠળ તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે. તેમના ગુરુની નૃત્યકલાની ઊંડાણપૂર્વકની સમજ અને સમર્પિત શિક્ષણ પદ્ધતિએ મૈત્રીના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ જીત દ્વારા મૈત્રીએ પોતાની સાથે સાથે પોતાના ગુરુનું ગૌરવ પણ વધાર્યું છે. જામનગરના બ્રહ્મસમાજના યુવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે આ એક પ્રેરણારૂપ સિદ્ધિ બની રહ્યાં છે. ત્યારે રાષ્ટ્રીય પરશુરામ સેના ના રાષ્ટ્રીય સલાહકાર અને રાષ્ટ્રીય પ્રભારી નિખિલભાઈ ભટ્ટ દ્વારા આ સફળતાને સમગ્ર બ્રહ્મ સમાજ માટે ગૌરવની બાબત ગણાવી છે.

## ગુરુદ્વારા પાસે ટ્રાફિક ડ્રાઈવમાં અનેક વાહન ચાલકો દંડાયા


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સીટી બી ડિવિઝનના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર શ્રી એમ. બી. મોઢવાડિયા દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે તુલસી હોટલ પાસે આવેલ એકમાર્ગી (વન—વે) માર્ગ પર ખાસ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી.

આ ડ્રાઈવ દરમિયાન વન—વે નિયમનો ભંગ કરીને વિપરીત દિશામાં પ્રવેશતા વાહનચાલકોને રોકી તેમની સામે નિયમ અનુસાર દંડ તેમજ અન્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવી. સાથે સાથે માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને ટુવિલર અને ફોરવીલર બંને પ્રકારનાં વાહનોના દસ્તાવેજો જેમ કે ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહનનું આર.સી. બુક, ઈન્શ્યોરન્સ, પીઈયુસી સર્ટિફિકેટ વગેરેનું પણ તપાસ કાર્ય અત્યંત કડકાઈથી હાથ ધરવામાં આવ્યું. ફોર-વ્હીલર્સ માટે ખાસ નિરીક્ષણ ગોઠવવામાં આવ્યું હતું, જેમાં સીટબેલ્ટનો ઉપયોગ, ઓવરલોડિંગ, નંબર પ્લેટની નિયમીતતા, તેમજ કોઈપણ પ્રકારના ગેરકાયદેસર ફેરફાર જેવા મુદ્દાઓની વિગતો ચકાસવામાં આવી હતી.

## જામનગર પોલીસ બે અરજદારોના ગુમ થયેલ મોબાઈલ શોધી પરત કર્યા


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના પંચકોષી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફ દ્વારા 'તેરા તુજકો અર્પણ' પ્રોગ્રામ અંતર્ગત બે આસામીઓના ગુમ થયેલા મોબાઈલ ફોન શોધીને તેઓને સુપ્રત કરી દેવાયા છે.

જામનગર તાલુકાના મોટી બાણુંગાર ગામમાં રહેતા રમેશભાઈ દેવશીભાઈ ભેસદડીયા કે જેઓનો રૂપિયા ૧૭,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન તેમજ મોટી ભલસાણ ગામમાં રહેતા જયંતીભાઈ મેઘાભાઈ નામના આસામીનો પણ રૂપિયા ૧૩,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ગુમ થયો હતો, જે બંનેએ પંચકોષી એ. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. જયાં પી.આઈ. એન.એમ. શેખ અને તેઓની ટીમ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કર્યા બાદ બંનેના મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા, અને 'તેરા તુજકો અર્પણ' પ્રોગ્રામ અંતર્ગત બન્નેના મોબાઈલ ફોન તેઓને પરત સોંપી દેતા પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જામ્યુકો દ્વારા જીઆઈએસ સોફ્ટવેરનું અમલીકરણ શરૂ

જામનગર : જામનગર મહાનગરપાલિકા જીઆઈએસ આરએફપીના કાર્યક્ષેત્ર મુજબ જીઆઈએસ સોફ્ટવેરનું અમલીકરણ કરી રહી છે, જે મહાનગરપાલિકાના વિભાગોને તેમની પ્રતિદિન સંચાલન પ્રવૃત્તિઓ, નિર્ણય લેવાની પ્રક્રિયા અને આવકમાં એકંદરે લાભદાયી સાબિત થઇ છે.

જીઆઈએસ સોફ્ટવેર, પ્રોપર્ટી ડેટાના નકશાંકન (મેપિંગ) અને જોડાણ સાથે, મિલકત વેરાની વસૂલાતની સારી સમજ પૂરી પાડે છે અને વેરા પ્રણાલીમાં ન હોય તેવી મિલકતોની ઓળખ કરવામાં મદદ કરે છે.

સેટેલાઈટ ઈમેજીસ નો ઉપયોગ કરીને જમીનના ફેરફારની શોધ (ચેન્જ ડિટેક્શન), શહેરના વિકાસની પેટર્ન અને ચોક્કસ શ્રેણીમાંથી જમીનના ઉપયોગમાં થતા ફેરફારોને જાણવામાં સક્ષમ બનાવે છે. જેમ કે: કેટલી જમીન હવે બાંધકામ (બિલ્ટ-અપ) માં વપરાય છે, કેટલો વિસ્તાર ગ્રીન કવર હેઠળ આવરી લેવાયો છે, ખુલ્લી જમીનમાંથી કેટલી જમીન બાંધકામમાં તબદીલ થઈ છે અથવા ગ્રીન કવર ઘટાડો થયો છે, અને ગેરકાયદેસર દબાણ (એન્ક્રોચમેન્ટ) ની ઓળખ.

વહીવટી સીમાઓ, માસ્ટર પ્લાન, ટીપી સ્કીમ, મિલકત, રસ્તાઓ, પાણી પુરવઠો, ડ્રેનેજ, સ્ટ્રીટલાઇટ અને અન્ય ડેટા સંબંધિત તમામ માહિતીને સેટેલાઇટ ઈમેજીસ સાથે એકત્રિત કરવામાં આવે છે. તેથી, આ સંકલનપૂર્ણ (કોઓર્ડિનેશન) રીતે કાર્ય કરવા અને યોગ્ય રીતે આયોજન કરવા માટે ઉપયોગી છે.

જામનગર મહાનગરપાલિકા પાસે જીઆઈએસ સોફ્ટવેરનું કાયમી લાઈસન્સ રહેશે અને તે એડવાન્સ્ડ ફીચર્સ સાથેના તમામ ૨ ડી , ૩ ડી નકશા અને વિશ્લેષણ ને સપોર્ટ કરે છે. એજન્સી મેન્ટેનન્સ તબક્કામાં પોતાના મેનપાવર ને નિયુક્ત કરશે, જેઓ જીઆઈએસ સંબંધિત દૈનિક પ્રવૃત્તિઓ કરશે અને વિભાગના કર્મચારીઓને તેમના જીઆઈએસ વપરાશ અને જરૂરિયાતો માટે સપોર્ટ પણ આપશે.

ડ્રોન ડેટાનો પણ સપોર્ટેડ છે. તેથી ડ્રોનનો ઉપયોગ કરીને ડેટા જનરેટ કરવો અને કેટલાક મુખ્ય સ્થાનોનું ૩.ડી લેઉટ અથવા કેટલીક મહત્વપૂર્ણ ઈવેન્ટ દરમિયાન જ્યાં ૩ ડી ડેટા આયોજન માટે ઉપયોગી હોય, તે જનરેટ કરવા માટે તે ફાયદાકારક છે. જીઆઈએસ સોફ્ટવેર અન્ય સરકારી એજન્સીઓ અથવા કોઈપણ સરકારી કાર્યક્રમમાં ડેટા શેર કરવા સક્ષમ છે જ્યાં જામનગર મહાનગરપાલિકા એ જીઆઈએસ ડેટાને શેર કરવો પડે છે. જેમ કેઃ અમૃત, પીએમ ગતિશક્તિ, પોલીસ વિભાગ અથવા અન્ય કોઈ પણ. જીઆઈએસ નાગરિક સેવાઓ અને જાહેરાતો માટે ઉપયોગી થશે. નાગરિકો પ્લોટનો નકશો. જેએમસી દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સુવિધાઓની સ્થાન વિગતોને ઍક્સેસ કરી શકે છે. જેએમસી દ્વારા આયોજિત કોઈપણ ઈવેન્ટને નકશા પર તમામ વ્યવસ્થા સાથે સૂચિત કરી શકાય છે, જેમ કે ઈવેન્ટનું સ્થાન, પાર્કિંગની સુવિધા, નજીકનું જાહેર પરિવહન, રસ્તાની કનેક્ટિવિટી વગેરે.

## જામનગર અને દ્વારકામાં ૧૭.૭૫ કરોડની વસુલાત અંતર્ગત ૫૪૭ ગ્રાહકોના સામે કાર્યવાહી

જામનગર : જામનગર તથા દેવભુમિ દ્વારકા જિલ્લામાં વર્ષ-૨૦૨૫માં પીજીવીસીએલના ૧,૨૨,૮૧૧ વીજ ગ્રાહકોના રૂ.૬૨.૩૪ કરોડ જેટલી બાકી લેણી રકમની વસુલી માટે વીજતંત્રએ કડક ની હાથે ઉઘરાણી કરવા માટે જોડાણની ૧૦૦ ટીમોએ કડક હાથે ઉઘરાણી શરૂ કરી છે અને ૫,૨૮,૪૨૯ વીજ ગ્રાહકો પાસેથી વસુલ કરી છે. જેમાં ૫૪૭ જેટલા વીજ ગ્રાહકોના વીજજોડાણ કાપી નાંખવામાં આવ્યા છે.

જામનગર તથા દેવભૂમી દ્વારકા જીલ્લાના પીજીવીસીએલના નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ડિસેમ્બર મહિનામાં બાકી ૭૫ વીજબિલની રકમમાં મોટો વધારો નોંધાયો છે. બંને જીલ્લામાં મળી કુલ ૧,૨૨,૮૧૧ બાકીદારો પર રૂ. ૬૨.૩૪ કરોડ જેટલી લેણી રકમ બાકી હોવાથી કંપની દ્વારા તાત્કાલિક અને કડક વસૂલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

બાકીદારો સામે કાર્યવાહી કરવા માટે દૈનિક ૧૦૦થી વધુ ટીમો કાર્યરત કરવામાં આવી છે, જે ઘર જઈ મીટર, સર્વિસ લાઈન તેમજ જરૂર પડે ત્યારે ટી.સી. ઉતારી લેવા સુધીની કાર્યવાહી કરવાની ઝુંબેશ હાથ ધરી છે.

આ ઝુંબેશમાં ૨૮,૪૨૯ ગ્રાહકોએ રૂ. ૧૭.૭૫ કરોડની બાકી રકમ ભરપાઈ કરી દીધી છે. ૫૪૭ ગ્રાહકોએ અનેક સૂચનાઓ બાદ પણ બાકી રકમ ભરપાઈ ન કરતાં, તેમના વીજ જોડાણો કંપનીના નિયમો મુજબ કાપી નાખવામાં આવ્યા છે. હાલ પણ ૯૩,૮૩૫ બાકીદારો પર રૂ. ૪૨.૬૪ કરોડની લેણી છે, જેની વસૂલાત માટે સતત કાર્યવાહી ચાલુ રહેશે.

## જામ્યુકોની સ્ટેન્ડિંગ કમિટીમાં શહેરના વિવિધ કામો માટે રૂ. ૪૧.૩૦ કરોડના મંજુર કરાયા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં જુદા જુદા વોર્ડમાં લોકભાગીદારીથી સીસી રોડ-બ્લોકના કામો મળી કુલ રૂા. ૪૧.૩૦ કરોડના વિકાસ કામોને બહાલી સાથે જીઆઈએસ સોફ્ટવેરના અમલીકરણની દરખાસ્ત મંજુર કરાઈ હતી.

મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં વોર્ડ નં.૧૩, વોર્ડ નં. ૧૪ ઉપરાંત વોર્ડ નં. ૮ અને ૧૫માં શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત જુદી જુદી સોસાયટીઓમાં લોકભાગીદારીથી સીસી બોડ-બ્લોકના કામો માટે અનુક્રમે ૨૫૦-૨૫૦ લાખ મંજુર કરાયા હતા.જ્યારે વોર્ડ નં.૧૧માં ગુજરાત ગેસથી નવનાલા,યોગેશ્વરનગર, હાપા યાર્ડ પાસે બ્રીજ સુધી ૩૦ મીટર પહોળા રોડ પર સીમેન્દ્ર ક્રોંકિટ કામ માટે ૧૦૯૬.૬૧ લાખ. વોર્ડ નં. પોટરીગલીથી ઈન્દીરા રોડ, આંતરીક શેરીઓમાં સીસી રોડ માટે ૧૬૩.૯૧ લાખ, વોર્ડ નં.૧૫માં કનસુમરા પાટીયા સામેથી હાઈવે સુધી સીસી રોડના કામ માટે ૪૭.૮૪ લાખ, ગાંધીનગર સ્મશાનની કમ્પાઉન્ડ વોલ માટે રૂા. ૨૧.૭૩ લાખ, ખંભાળિયા રોડથી સત્યમ અન્ડરબ્રિજને જોડતી કેનાલના આરસીસી કામ માટે રૂા. ૩૯૨.૭૭ લાખ સહિતના કામોને મંજુર કરાયા હતા.

જયારે વોર્ડ નં.૯માં દિપક ટોકીજ, પોષ્ટ ઓફિસ, ચાંદી બજાર થઈ માંડવી ટાવર સુધી સીસી રોડના કામ માટે ૪૦૧.૬૪ લાખ મંજુર કરાયા હતા. બેઠકમાં ડીઝાઈન,ડેવલોપમેન્ટ, ઈમ્પલીમેન્ટેશન અને મેઈન્ટેન્શન ઓફ સ્પેશીયલ ઈનેબલ વેબ પોર્ટલ યુઝીગ લોકેશન બેઈઝ ઈન્ફોર્મેશન સિસ્ટટ અપડેટ સાથે ચેન્જ ડીટેકશનના કામ માટે રૂા. ૮૮૫.૧૪ લાખ મંજુર કરાયા હતા. જેમાં હવે મનપા દ્વારા જીઆઈએસ સોફટવેરના અમલીકરણનો નિર્ણય લેવાયો છે.જે મનપા તંત્ર સાથે નાગરીક સેવાઓ વગેરે માટે પણ ઉપયોગી થશે.

## ખંભાળિયાની સરકારી હોસ્પિટલ રાષ્ટ્રીય કક્ષાએ નોમીનેટ થતા તપાસણી હાથ ધરાઈ



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી મોટી અને વર્ષે સવા લાખ જેટલા દર્દીઓની સારવાર કરતી ખંભાળીયાની સરકારી હોસ્પિટલને થોડો સમય પહેલા રાજ્ય સરકારનો શ્રેષ્ઠ હોસ્પિટલનો એવોર્ડ મેળવ્યો હોય હવે પછી ખંભાળીયા સરકારી હોસ્પીટલ કેન્દ્રના એવોર્ડ માટે નોમીનેટ થઈ હોય સરકારી હોસ્પીટલ ખંભાળીયામાં તાજેતરમાં રાજયકક્ષાએ ગાંધીનગરથી ખાસ ચેકીગ ટુકડીનું આગમન થયું હતું તથા વિવિધ મુદે તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે ખંભાળીયાની સરકારી હોસ્પિટલમાં ઢગલાબંધ વિભાગોમાં અનેક સેવાઓ લેવા સમગ્ર જિલ્લામાંથી દર્દીઓ અહીયા આવે છે.

## જામનગરમાં વર્લ્ડ મેમણ ઓર્ગેનાઈઝેશનની ટીમના હસ્તે ૮૬ પરિવાજનો ઘરોની ચાવીયો સોંપાઈ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના જરૂરિયાતમંદ મેમણ પરિવાર માટે વર્લ્ડ મેમણ ઓર્ગેનાઇઝેશન દ્વારા જામનગર શહેરના કાલાવડ નાકા બહાર મોરકંડા રોડ પર આવેલ અનમોલ પાર્ક ખાતે આધુનિક યુક્ત ૪૩ ટેનામેન્ટ બનાવવામાં આવ્યા જેમાં ૮૬ જરૂરિયાતમંદ મેમણ પરિવારજનોને આજે મેન્ટશનના ડો.હસીન અવાડી, ટ્રસ્ટી એહસાનભાઈ શાકીર બાટલીવાળા, કારૂકભાઇ સૂરીયા સહિત વર્લ્ડ મેમણ ઓર્ગેનાઇઝેશન દ્વારા આપવામાં આવી હતી.

આ તકે જામનગર મહાનગરપાલિકાના પૂર્વ વિપક્ષી નેતા તથા નગરસેવક અલ્તાફભાઇ ખફી, જામનગર હલાઇ મેમણ સમાજના પ્રમુખ હાજી અબ્દુલરશીદભાઇ લુશવાલા (ગુડલક), ઉપપ્રમુખ રાજુભાઇ ગજાઇ (સુડીવાળા) સહિત જામનગર હલાઈ મેમણ સમાજની કારોભારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્લ્ડ મેમણ ઓર્ગેનાઇઝેશન આશિયાના પ્રસંગે મેમણ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## લેઉવા પટેલ સેવા સમાજનું યોજાશે સમુહ જ્ઞાતિ ભોજન

જામનગર : લેઉવા પટેલ સમાજ જામનગર શહેર-જિલ્લા દ્વારા જ્ઞાતિબંધુઓ માટે સમુહ ભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. "અન્ન ભેગા તેના મન ભેગા" અને સામાજિક ઉત્કર્ષ ને ધ્યાનમાં લઈને તા.૪ જાન્યુઆરી ૨૦૨૬ નાં રોજ બપોરે ૪ વાગ્યે કેશવજી અરજણ લેઉવા પટેલ સેવા સમાજ – રણજીતનગર ખાતે સમુહ ભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અંદાજે ૫૦ હજારથી વધુ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં યોજાનાર સમુહ ભોજન કાર્યક્રમમાં જામનગર શહેર, વિભાપર, મોરકંડા, લાલવાડી, દરેડ અને બહુચરાજી મંદિર વિસ્તારમાં વસતા જ્ઞાતિબંધુઓને ઉપસ્થિત રહેવા પ્રમુખ મનસુખભાઈ રાબડીયા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અવસાન નોંધ

**જામનગર :** હાલારી ભાનુશાળી જૂની પેઢીના આધુનિક ખેડૂત અને ચિકોરીના પ્રણેતા એવા હરીલાલ શામજીભાઈ ફલિયા (હરિભાઈ હોટલવાળા) (ઉ.વ૬૯૮)નુ તા.૧૨ને શુક્રવારના રોજ અવસાન પામેલ છે. સદગતનું ઉઠમણું આજ તા. ૧૨ને શુક્રવારે મહિલાઓ માટે ૪ થી ૪/૩૦ અને પુરુષો માટે ૫ થી ૫/૩૦ હાલાઈ ભાનુશાળીની જૂનીવાડી, હવાઈચોક,જામનગરમાં રાખેલ છે.

**જામનગર :** ગામ ભાતેલ (હાલ જામનગર નિવાસી) સ્વ. નાથાભાઈ પ્રેમજીભાઈ પરમાર (ઉ.વ.૭૨)નું તા. ૧૧ને ગુરુવારના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું આજે તા. ૧૨ના રોજ સાંજે ૫ થી ૫:૩૦ કલાકે કાશી વિશ્વનાથ મંદિર, જામનગર ખાતે રાખેલ છે.

# બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય ચૂંટણી યોજવા તૈયારી

ઢાકા,

બાંગ્લાદેશમાં નવી સંસદની પસંદગી માટે ૧૨ ફેબ્રુઆરીએ મતદાન થશે, દેશના ચૂંટણી પંચે ગુરુવારે જણાવ્યું હતું કે, ગયા વર્ષે વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળના એક ભયંકર બળવાને કારણે તત્કાલીન વડા પ્રધાન શેખ હસીનાને ભારત ભાગી જવા મજબૂર થયા પછીની તેની પ્રથમ રાષ્ટ્રીય ચૂંટણી, નવી શરૂઆત.

નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળનું વચગાળાનું વહીવટ ત્યારથી ૧૭૩ મિલિયન લોકોના મુસ્લિમ બહુમતી ધરાવતા દક્ષિણ એશિયાઈ દેશ પર શાસન કરી રહ્યું છે, પરંતુ વચન આપેલા સુધારામાં વિલંબ, નવા વિરોધ અને રાજકીય વિભાજનને કારણે વધતી અસંતોષનો સામનો કરી રહ્યું છે.

મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીને રાષ્ટ્રીય પ્રસારણમાં જણાવ્યું હતું કે, અશાંતિ પછી તૈયાર કરાયેલ રાજ્ય સુધારણા યોજના, કહેવાતા 'જુલાઈ ચાર્ટર' ના અમલીકરણ પર રાષ્ટ્રીય લોકમત પણ તે જ દિવસે યોજાશે.

ચાર્ટરમાં રાજ્ય સંસ્થાઓમાં વ્યાપક ફેરફારોનો પ્રસ્તાવ છે, જેમાં કારોબારી સત્તાઓ પર અંકુશ, ન્યાયતંત્ર અને ચૂંટણી સત્તાવાળાઓની સ્વતંત્રતાને મજબૂત બનાવવા અને કાયદા અમલીકરણ એજન્સીઓના દુરુપયોગને રોકવાનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) આગામી ચૂંટણીઓમાં મોટા પાયે આગળ જોવામાં આવી રહી છે, જે જમાત-એ-ઈસ્લામી પાર્ટી સાથે સ્પર્ધા કરી રહી છે, જે વચગાળાની સરકારે પ્રતિબંધો હળવા કર્યા પછી ચૂંટણી રાજકારણમાં પાછી ફરી છે.

બાંગ્લાદેશની સૌથી મોટી ઈસ્લામિક પાર્ટી, જમાત, ૨૦૧૩ ના અદાલતના ચુકાદા બાદ ચૂંટણી લડી શકી નહીં કે રાજકીય પક્ષ તરીકે તેની નોંધણી દેશના ધર્મનિરપેક્ષ બંધારણ સાથે વિરોધાભાસી છે.

૨૦૨૪ ના બળવા પછી વિદ્યાર્થી નેતાઓ દ્વારા રચાયેલી નેશનલ સિટીઝન પાર્ટી, મ્ઙ અને જમાતથી પાછળ જોવા મળે છે, કારણ કે તે શેરી શક્તિને ચૂંટણી શક્તિમાં રૂપાંતરિત કરવા માટે સંઘર્ષ કરી રહી છે.

ચૂંટણી લડવાથી પ્રતિબંધિત હસીનાની અવામી લીગે ચેતવણી આપી છે કે જો પ્રતિબંધ હટાવવામાં નહીં આવે તો અશાંતિ થશે.

લોકશાહી શાસન પુનઃસ્થાપિત કરવું, નિકાસ-સંચાલિત ગાર્મેન્ટ ઉદ્યોગને નુકસાન પહોંચાડ્યા પછી અર્થતંત્રને પુનર્જીવિત કરવું, વિશાળ પાડોશી ભારત સાથેના સંબંધોને સુધારવા - નવી દિલ્હીએ હસીનાને આશ્રય આપ્યા પછી તંગ - ભ્રષ્ટાચારનો સામનો કરવો અને મીડિયા સ્વતંત્રતા સુનિશ્ચિત કરવી એ મતદારો માટે મુખ્ય મુદ્દાઓ છે.

# અઠવાડિયાના વિરોધ પ્રદર્શનો બાદ બલ્ગેરિયન સરકારે રાજીનામું આપ્યું

## અઠવાડિયાના વિરોધ પ્રદર્શનો બાદ બલ્ગેરિયન સરકારે રાજીનામું આપ્યું

સોફિયા,

બલ્ગેરિયન વડા પ્રધાન રોઝન ઝેલેયાઝકોવે ગુરુવારે તેમની સરકારનું રાજીનામું સોંપ્યું, જેની આર્થિક નીતિઓ અને ભ્રષ્ટાચારને કાબુમાં લેવામાં નિષ્ફળતા સામે અઠવાડિયા સુધી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો બાદ.

સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન થવાના થોડા સમય પહેલા ઝેલેયાઝકોવે એક ટેલિવિઝન નિવેદનમાં રાજીનામું આપવાની જાહેરાત કરી.

બલ્ગેરિયા ૧ જાન્યુઆરીએ યુરો ઝોનમાં જોડાવાના છે તેના થોડા સમય પહેલા આ રાજીનામું આવ્યું છે.

"અમારું ગઠબંધન મળ્યું, અમે વર્તમાન પરિસ્થિતિ, આપણે જે પડકારોનો સામનો કરી રહ્યા છીએ અને આપણે જે નિર્ણયો જવાબદારીપૂર્વક લેવા જોઈએ તેની ચર્ચા કરી," ઝેલેયાઝકોવે સરકારના રાજીનામાના નિર્ણયની જાહેરાત કરતા કહ્યું.

"અમારી ઈચ્છા સમાજ જે સ્તરની અપેક્ષા રાખે છે તે સ્તરે રહેવાની છે," તેમણે કહ્યું. "સત્તા લોકોના અવાજમાંથી ઉદ્ભવે છે."

બુધવારે સાંજે સોફિયા અને કાળા સમુદ્રના રાષ્ટ્રના ડઝનબંધ અન્ય નગરો અને શહેરોમાં હજારો બલ્ગેરિયનોએ રેલી કાઢી હતી, જે સ્થાનિક ભ્રષ્ટાચાર અને તેને જડમૂળથી દૂર કરવામાં સતત સરકારોની નિષ્ફળતા સામે જાહેર હતાશાને રેખાંકિત કરતી શ્રેણીબદ્ધ પ્રદર્શનોમાં નવીનતમ ઘટના છે.

ગયા અઠવાડિયે, ઝેલ્યાઝકોવની સરકારે વિરોધ પ્રદર્શનોને કારણે તેની ૨૦૨૬ ની બજેટ યોજના, જે યુરોમાં તૈયાર કરવામાં આવી હતી, પાછી ખેંચી લીધી. વિરોધ પક્ષો અને અન્ય સંગઠનોએ જણાવ્યું હતું કે તેઓ રાજ્યના ખર્ચને વધુ નાણાં પૂરા પાડવા માટે સામાજિક સુરક્ષા યોગદાન અને ડિવિડન્ડ પર કર વધારવાની યોજનાઓનો વિરોધ કરી રહ્યા છે.

બજેટ યોજના પર સરકારની પીછેહઠ છતાં, છેલ્લા ચાર વર્ષમાં સાત રાષ્ટ્રીય ચૂંટણીઓ યોજાઈ ચૂકી છે - તાજેતરમાં ઓક્ટોબર ૨૦૨૪ માં - ઊંડા રાજકીય અને સામાજિક વિભાજન વચ્ચે, દેશમાં વિરોધ સતત ચાલુ રહ્યો છે.

# શું પોલીસ નાયબ મુખ્યમંત્રીના પુત્રનું રક્ષણ કરી રહી છે : બોમ્બે હાઈકોર્ટે ઠપકો આપ્યો

મુંબઈ,

બોમ્બે હાઈકોર્ટે પુણેમાં થયેલા વિવાદાસ્પદ જમીન સોદા અંગે પોલીસ પર ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા. કોર્ટે સંકેત આપ્યો કે પોલીસ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પુત્ર પાર્થ પવારને બચાવવાનો પ્રયાસ કરી રહી હોઈ શકે છે, કારણ કે તેમનું નામ એફઆઈઆરમાં નથી. જસ્ટિસ માધવ જામદારની સિંગલ બેન્ચે ઉદ્યોગપતિ શીતલ તેજવાનીની આગોતરા જામીન અરજીની સુનાવણી દરમિયાન આ તીક્ષ્ણ પ્રશ્ન ઉઠાવ્યો. ન્યાયાધીશ માધવ જામદારે પૂછ્યું કે શું પોલીસ નાયબ મુખ્યમંત્રીના પુત્રનું રક્ષણ કરી રહી છે અને ફક્ત અન્ય લોકોની તપાસ કરી રહી છે. સરકારી વકીલે જવાબ આપ્યો કે પોલીસ કાયદા મુજબ કાર્યવાહી કરશે.

હકીકતમાં, આ કેસ પુણેના મુંધવા વિસ્તારમાં ૪૦ એકર જમીનનો છે. આ જમીન ૩૦૦ કરોડમાં એલએલપી નામની પેઢીને વેચવામાં આવી હતી. પાર્થ પવાર આ પેઢીમાં ૯૯% ભાગીદાર છે. પેઢીને ૨૧ કરોડની સ્ટેમ્પ ડ્યુટીમાંથી પણ મુક્તિ આપવામાં આવી હોવાનું કહેવાય છે. બાદમાં, જાણવા મળ્યું કે જમીન સરકારી મિલકત હતી અને તેને વેચી શકાતી નથી.

અત્યાર સુધી, આઈજીઆર (રજિસ્ટ્રેશન મહાનિરીક્ષક) સમિતિના અહેવાલમાં આ વ્યક્તિઓને આ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે: દિગ્વિજય પાટિલ, શીતલ તેજવાણી અને રવિન્દ્ર તારુ. પુણે પોલીસે તેમની સામે એફઆઈઆર દાખલ કરી છે.

# દુશ્મનના કોઈપણ સાહસનો યોગ્ય જવાબ આપવા માટે ભારતીય વાયુસેના તૈયાર : વાયુસેનાના વડા

## ભારતીય વાયુસેનાએ ભૂતકાળના અનુભવોના આધારે તેની સ્ટીલ્થ ક્ષમતાઓ અને રણનીતિઓમાં સતત સુધારો કર્યો

દિબ્રુગઢ,

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એ.પી. સિંહે બુધવારે જણાવ્યું હતું કે ભારતીય વાયુસેના કોઈપણ દુશ્મન દેશના સાહસનો યોગ્ય જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે કોઈપણ કટોકટીમાં, ભારત, ખાસ કરીને ભારતીય વાયુસેના, બે મોરચા પર યુદ્ધ લડવા માટે તૈયાર છે. તેમણે ગયા વર્ષે આ નિવેદન આપ્યું હતું. તેમણે ૧૯૭૧ માં પાકિસ્તાન પર ભારતના ઐતિહાસિક વિજયની યાદમાં 'વિજય દિવસ' નિમિત્તે આયોજિત હવા પ્રદર્શનમાં ભાગ લેતી વખતે આ નિવેદન આપ્યું હતું.

ડિબ્રુગઢમાં પત્રકારો સાથે વાત કરતા, એર ચીફ માર્શલ સિંહે કહ્યું કે ભારતીય વાયુસેના ભૂતકાળના અનુભવોના આધારે તેની સ્ટીલ્થ ક્ષમતાઓ અને રણનીતિઓમાં સતત સુધારો કરી રહી છે.

# વિશ્વમાં એક અબજ મહિલાઓ અને ભારતમાં ચારમાંથી એક મહિલા બાળપણમાં જાતીય હિંસાનો ભોગ બની

વોશિંગ્ટન,

વિશ્વભરમાં એક અબજથી વધુ મહિલાઓએ બાળપણમાં જાતીય હિંસાનો ભોગ બની છે. લેન્સેટના અહેવાલ મુજબ, ૨૦૨૩ માં, જાતીય હિંસાનો ભોગ બનેલી ૬૦૮ મિલિયન મહિલાઓ ૧૫ વર્ષ અને તેથી વધુ વયની હતી. દરમિયાન, ૬૦૮ મિલિયન મહિલાઓનો પણ તેમના જીવનસાથીઓ દ્વારા તેમના જીવનસાથીઓ દ્વારા દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો.

રિપોર્ટ મુજબ, સબ-સહારન આફ્રિકા અને દક્ષિણ એશિયા આ હિંસાના સૌથી મોટા કેન્દ્રો છે, જ્યાં હિંસાની સાથે એચઆઈવી અને અન્ય રોગોનું જોખમ પણ વધારે છે. રિપોર્ટમાં આ બાબતોમાં ભારતની સ્થિતિ ચિંતાજનક પણ ગણાવવામાં આવી છે. ડેટા અનુસાર, ૨૩ ટકા મહિલાઓએ જીવનસાથી હિંસાનો અનુભવ કર્યો છે, જ્યારે ૩૦ ટકા સ્ત્રીઓ અને ૧૩ ટકા પુરુષોએ બાળપણમાં જાતીય હિંસાનો અનુભવ કર્યો છે. આ હિંસા માત્ર એક સામાજિક કે ગુનાહિત મુદ્દો નથી, પરંતુ એક ગંભીર જાહેર આરોગ્ય કટોકટી છે.

૨૦૨૩ માં, વિશ્વભરમાં જીવનસાથી દુર્વ્યવહારને કારણે ૧૪૫,૦૦૦ મૃત્યુ નોંધાશે, જ્યારે બાળપણમાં જાતીય હિંસા સંબંધિત ૨.૯ લાખ મૃત્યુ નોંધાશે. માનસિક બીમારી, હતાશા, વ્યસન અને આત્મહત્યાનું જોખમ આ હિંસા સાથે ઊંડે સુધી સંકળાયેલું હોવાનું જાણવા મળ્યું છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે કાયદાકીય માળખાને મજબૂત બનાવવાની, લિંગ સમાનતા સુનિશ્ચિત કરવાની અને પીડિતો માટે સહાય પ્રણાલી વધારવાની તાત્કાલિક જરૂર છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સેવા, સંકલ્પ, અને સમર્પણના ૩ વર્ષ












આગામી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના શાસનકાળના ૩ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ૧૫૬ બેઠકોના ઐતિહાસિક જનસમર્થન સાથે ગુજરાતના ૧૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ ધપાવી છે, અને સુશાસન, સેવા અને વિકાસના નવા ધોરણો સ્થાપિત કર્યા છે.

આ ત્રણ વર્ષોમાં જાહેર કરવામાં આવેલી વિવિધ લોકકેન્દ્રિત નીતિઓએ રાજ્યને બહુવિધ ક્ષેત્રોમાં અગ્રેસર બનાવ્યું છે. શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે ૫-૨૦ બેઠકો અને ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સનું સફળતાપૂર્વક આયોજન કર્યું. વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાને વધુ વ્યાપક બનાવવા અને રાજ્યની પ્રાદેશિક ક્ષમતાઓને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે પ્રથમવાર રાજ્યના ચાર પ્રદેશોમાં (ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્ર) વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસનું આયોજન કર્યું છે. આ કોન્ફરન્સ સ્થાનિક મહત્વાકાંક્ષાઓને 'વિકસિત ભારત @૨૦૪૭' અને 'વિકસિત ગુજરાત @૨૦૪૭'ના વ્યાપક વિઝન સાથે સંરેખિત કરશે.

વર્ષ ૨૦૨૫માં ઘટેલી એર ઈન્ડિયા પ્લેન ક્રેશ દુર્ઘટનાની ગંભીર પરિસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સંવેદનશીલ, ઝડપી અને અસરકારક નેતૃત્વનો પણ પરિચય આપ્યો છે. રાજ્યની તમામ એજન્સીઓને તાત્કાલિક સક્રિય કરીને રેસ્ક્યુ ઓપરેશન, સારવાર, સહાય અને સુચારુ સંકલન વડે ગુજરાતે તેમના નેતૃત્વમાં સંકટ વ્યવસ્થાપનનો એક અનુપમ દાખલો પૂરો પાડ્યો છે.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' જાહેર કરવામાં આવ્યું છે, જે રાજ્યના શહેરોને વિશ્વ સ્તરીય, આધુનિક, હરિત, ટેક્નોલોજી આધારિત અને સુવિધાસભર બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. આ ત્રણ વર્ષો દરમિયાન રમત-ગમત ક્ષેત્રે પણ ગુજરાતે વૈશ્વિક મંચ પર ગૌરવ મેળવ્યું છે. ગુજરાતમાં વિકસિત કરવામાં આવેલ આધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ્યના ખેલાડીઓ માટે સતત વિકસતી સુવિધાઓ અને રાજ્ય સરકારનો સહયોગ, ખેલાડીઓને અનુકૂળ સ્પોર્ટ્સ પૉલિસીને વગેરેના કારણે ગુજરાતને કૉમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને ડિજિટલ ગવર્નન્સ જેવા ક્ષેત્રોમાં નવી ઉંચાઈઓ હાંસલ કરી છે. ગુજરાત આજે સેમિકન્ડક્ટર હબ અને રિન્યુએબલ એનર્જી હબ બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ગુજરાત વડાપ્રધાનશ્રીના "વિકસિત ભારત @૨૦૪૭"ના વિઝનને સાકાર કરવા માટે દૃઢપણે આગળ વધી રહ્યું છે. ત્રણ વર્ષના આ વિકાસ યજ્ઞએ ગુજરાતને નવી આશાઓ, નવી સંભાવનાઓ આપી છે અને વૈશ્વિક સ્તરે રાજ્યની ઓળખ વધુ મજબૂત બની છે.

**૩ વર્ષ કૃષિ કલ્યાણનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૬,૮૯૯ ગામો (૧૯.૪૮ લાખ ગ્રાહકો સાથે) નિયમિત મેળવે છે દિવસે વીજળી

ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૫માં ભારે વરસાદથી થયેલા પાક નુકસાનથી અસરગ્રસ્ત ખેડૂતો માટે ૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર

૨૩ ઓક્ટોબરથી ૪ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન રાજ્યમાં પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા ભારે પાક નુકસાન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું, લગભગ ૩૩ લાખ ખેડૂતોને થશે લાભ

કમોસમી વરસાદમાં થયેલા પાક નુકસાનના સંદર્ભમાં ગુજરાત સરકારે ?૧૫ હજાર કરોડની ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરી, જેનાથી રાજ્યના ૧૦ લાખથી વધુ ખેડૂતોને ફાયદો

શૂન્ય ટકાના દરે પાક ધિરાણ હેઠળ છેલ્લા ૩ વર્ષોમાં ૩૩ લાખથી વધુ ખેડૂતોને રૂા.૩૦૩૦.૩૪ કરોડથી વધુની વ્યાજ સહાય

**૩ વર્ષ મહિલા સશક્તિકરણનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

ગુજરાતમાં લખપતિ દીદીની સંખ્યા ૫ લાખ ૯૬ હજાર થઈ, ગુજરાત ૧૦ લાખ મહિલાઓને બનાવશે આત્મનિર્ભર

નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪ જાહેર

વર્ષ ૨૦૨૩માં સૌપ્રથમવાર જેન્ડર બજેટ ૧ લાખ કરોડને પાર, ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી,

વર્ષ ૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવામાં આવી

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ વાર્ષિક સરેરાશ ૪ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ

માર્ચ ૨૦૨૫માં અંત્યોદય પરિવારોની સ્વસહાય જૂથોની મહિલાઓને નાણાકીય સહાય માટે 'જી-સફલ' (ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમેલીઝ ફોર ઑગ્મેન્ટિંગ લાઈવલીહુડ્સ) યોજના લોન્ચ

**૩ વર્ષ આરોગ્ય કલ્યાણનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી ?૫ લાખની સહાય વધારીને ?૧૦ લાખ

ગુજરાત શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારું દેશનું એકમાત્ર રાજ્ય, અત્યાર સુધીમાં ૧.૧૫ કરોડ કાર્ડ જારી કરવામાં આવ્યા

ગુજરાતમાં માતા મૃત્યુ દરમાં ૫૦% અને બાળમૃત્યુ દરમાં ૫૭.૪૧%નો નોંધપાત્ર ઘટાડો થયો

નમો શ્રી યોજના હેઠળ ૧ વર્ષમાં ૩.૮૮ લાખ માતાઓને મળી ?૨૩૮.૭૭ કરોડની આર્થિક સહાય

૪૬૫ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરીને ગુજરાત દેશમાં પ્રથમ

"વર્લ્ડ ઓબેસિટી ડે"ના દિવસે "સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાનનો પ્રારંભ

રાજ્યના આદિજાતિ વિસ્તારના નાગરિકોના આરોગ્ય માટે ટ્રાઈબલ જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ લોન્ચ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

**૩ વર્ષ શિક્ષણ થકી સર્વાંગી વિકાસનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અંતર્ગત ૧૩,૩૫૩ નવા વર્ગખંડો, ૨૧,૦૦૦ નવી કમ્પ્યુટર લેબ્સ, ૧,૦૯,૦૦૦ નવા સ્માર્ટ ક્લાસરૂમ્સ, ૫૦૦૦ નવી સ્ટેમ લેબ્સનું કાર્ય પૂર્ણ

વર્ષ ૨૦૨૫માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૨૩મી કડીનું સફળ આયોજન

શાળાઓમાંથી સંભવિત ડ્રોપઆઉટ થનારા વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને શાળા છોડતા અટકાવવા માટે માટે શિક્ષણ વિભાગે અમલી કરી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત અર્લી વૉર્નિંગ સિસ્ટમ (EWS)

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ ૪૨ લાખથી વધુ બાળકોને મળી રહ્યો છે લાભ

નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યારસુધીમાં રાજ્યની ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ?૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચૂકવણી

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ અત્યારસુધીમાં રાજ્યના ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ?૧૬૧ કરોડથી વધુની સહાયની ચૂકવણી

**૩ વર્ષ આદિજાતિ કલ્યાણનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના અંદાજપત્રમાં ?૭૪૬ કરોડનો વધારો

૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે જનજાતીય કલ્યાણ યોજનાની શરૂઆત

**૩ વર્ષ યુવા વિકાસનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, ૨૨ જિલ્લાઓમાં ૨૪ જિલ્લા રમત સંકુલ કાર્યરત

૨૦૨૪માં ખેલ મહાકુંભ ૩.૦ ઈવેન્ટમાં ૭૧ લાખથી વધુ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું

રાજ્યમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ, નેશનલ પોલીસ ગેમ્સ, નેશનલ ગેમ્સ ૨૦૨૨ જેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના રમતગમત કાર્યક્રમો યોજાયા

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની માટે ગુજરાતની પસંદગી

અમદાવાદ ખાતે રૂા.૮૨૫ કરોડના ખર્ચે વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ

ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પૉલિસી (SSIP) ૨.૦ હેઠળ આઈ-હબ (i-Hub), અમદાવાદ ખાતે ૬૦૦ સ્ટાર્ટઅપ્સને ઈન્ક્યુબેશન માટે સમર્થન આપવામાં આવ્યું અને સ્ટાર્ટઅપ્સ સૃજન ફંડ સપોર્ટ હેઠળ ૪૦૨ સ્ટાર્ટઅપ્સને અંદાજીત ? ૨૩ કરોડથી વધુની સહાય પ્રદાન કરવામાં આવી

**૩ વર્ષ સુશાસનનનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'ના મંત્ર સાથે 'વિકસિત ગુજરાત @૨૦૪૭'નો રોડમેપ બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

કેન્દ્રના નીતિ આયોગની તર્જ પર 'ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન' –GRITની સ્થાપના

ગુજરાતમાં વહીવટી તંત્રની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા માટે ગુજરાત વહીવટી સુધારણા આયોગની (GARC) રચના

૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટની શરૂઆત: પોલીસ (૧૦૦), એમ્બ્યુલન્સ (૧૦૮), ફાયર (૧૦૧), મહિલા હેલ્પલાઈન (૧૮૧), ચાઈલ્ડ હેલ્પલાઈન (૧૦૯૮) અને ડિઝાસ્ટર હેલ્પલાઈન (૧૦૭૦/૧૦૭૭) જેવી સેવાઓ માટે હવે માત્ર ૧૧૨ નંબર ડાયલ કરવાનો રહેશે

મહેસૂલી ક્ષેત્રે ક્રાંતિકારી નિર્ણય- ખેતી હેતુ માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો જૂની શરતની ગણાશે

જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરી અંગે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીન વેલ્યુએશન આધારે પ્રીમિયમ વસૂલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર

પાંચ કરોડની જમીન વેલ્યુએશન પર પ્રીમિયમ મંજૂરી કલેક્ટર કક્ષાએથી મળશે, જંત્રી કિંમતના ૧૦ ટકા વસૂલી જમીન હેતુફેર દ્વ.છ કરાશે

**૩ વર્ષ શહેરી વિકાસનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ તરીકે જાહેર કરવામાં આવ્યું

મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ તથા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીથી ગિફ્ટ સિટી સુધીના અમદાવાદ મેટ્રો ફેઝ-૨નું સપ્ટેમ્બર ૨૦૨૪માં વડાપ્રધાનશ્રી દ્વારા લોકાર્પણ

સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રાજ્યના ૬ સ્માર્ટ શહેરોમાં ?૧૧ હજાર કરોડથી વધુના ૩૪૮ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા

રાજ્યની નવ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો, હવે ગુજરાતમાં કુલ ૧૭ મહાનગરપાલિકાઓ

છેલ્લા ૩ વર્ષોમાં કુલ ૨૨૬ ટીપી સ્કીમોને મંજૂરી

સ્વચ્છતા સર્વેક્ષણ વર્ષ ૨૦૨૪-૨૫ હેઠળ અમદાવાદ શહેર ભારતનું નંબર ૧ સ્વચ્છ શહેર જાહેર

સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૪માં સુરત દેશભરમાં પ્રથમ, સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૫માં સુરત શહેર ટોચના ત્રણ શહેરોમાં સામેલ

**૩ વર્ષ અગ્રેસર ગુજરાતનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં છેલ્લા ચાર વર્ષથી ગુજરાત દેશમાં પ્રથમ

UN એજન્સી વર્લ્ડ ટુરીઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા ધોરડોનો વિશ્વના શ્રેષ્ઠ ટુરીઝમ વિલેજની યાદીમાં સમાવેશ

યુનેસ્કોએ ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો' જાહેર કર્યો

કચ્છના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમની યાદીમાં સ્થાન

પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતનો ટેબ્લો સતત ત્રીજા વર્ષે પીપલ્સ ચોઈસ એવોર્ડમાં પ્રથમ ક્રમે

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નામે ૩ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધવામાં આવ્યા.

**૩ વર્ષ શાંતિ અને સુરક્ષાનાં, ૩ વર્ષ જનવિશ્વાસનાં**

ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ ઍક્ટ, ૨૦૨૪ અમલી

ગુજરાત માનવબલિ અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા નિર્મૂલન વિધેયક સર્વાનુમતે પસાર

જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો

છેલ્લા ૩ વર્ષોમાં ગુજરાત પોલીસે ?૫૪૨૬.૨૫ કરોડની કિંમતનું ૬૫૭૮૯.૭૪ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું


વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ, સમગ્ર ગુજરાતમાં ૭૦૦૦ થી વધુ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના કારણે છેલ્લા ૩ વર્ષમાં ૧૪,૦૦૦થી વધુ કેસોના નિરાકરણમાં મદદ મળી

ગુનાખોરીને ડામવા ગુજરાત પોલીસના બે પોર્ટલ લોન્ચ: ૧) i-PRAGATI પોર્ટલ – જેના થકી ફરિયાદી તપાસની પ્રગતિથી સંપૂર્ણ વાકેફ રહે છે, ૨) 'તેરા તુઝકો અર્પણ' પોર્ટલ –સાઈબર ક્રાઈમ રિફંડ પોર્ટલ

નાણાકીય સાઈબર ક્રાઈમને લગતી ફરિયાદોના આધારે ફ્રીઝ થયેલા બેંક ખાતાને પુનઃ કાર્યરત એટલે કે અનફ્રીઝ કરાવવા માટે મુખ્યમંત્રીશ્રીએ ઓનલાઈન એપ્લિકેશન લોન્ચ કરી

રાજ્યમાં ઝોન વાઈઝ કુલ ૬ નવી એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) યુનિટ્સ શરૂ કરવાનો નિર્ણય, જે ડ્રગ્સના વેચાણ, હેરફેર અને ઉત્પાદન પર અંકુશ લગાવશે

રિસ્પોન્સ ટાઈમ ઘટાડીને રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા ગુજરાત પોલીસે શરૂ કર્યો પ્રોજેક્ટ 'GP-DRASTI' (ગુજરાત પોલીસ – ડ્રોન રિસ્પોન્સ એન્ડ એરિયલ સર્વેલન્સ ટેક્નિકલ ઈન્ટરવેન્શન્સ)



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

3 વર્ષ
અડગ નેતૃત્વ અને અવિરત વિકાસનાં

## માનનીય મુખ્યમંત્રી
# શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
## અડગ નેતૃત્વ અને અવિરત વિકાસનાં 3 વર્ષ







### કરુણામય અને કટિબદ્ધ

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ **4 લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહારનો લાભ**

PMJAY હેઠળ **₹10 લાખ સુધીની નિઃશુલ્ક સારવાર**

નમો લક્ષ્મી યોજના થકી **10 લાખથી વધુ વિધાર્થિનીઓને મળી આર્થિક સહાય**

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત **1 લાખથી વધુ સ્માર્ટ ક્લાસનું નિર્માણ**

નારી સશક્તિકરણ માટે મહિલાલક્ષી **200થી વધુ યોજનાઓનું અમલીકરણ**

**માતા મૃત્યુદરમાં 50%** અને **બાળ મૃત્યુદરમાં 57%**નો નોંધપાત્ર ઘટાડો

### નિર્ભય અને નિર્ણાયક

**સરકારી જમીનો પરનું ગેરકાયદેસર દબાણ** દૂર કરી અનેક સમસ્યાઓનું નિરાકરણ

ગુજરાતની શાંતિ અને સલામતીને વધુ સુનિશ્ચિત કરવા **પોલીસ ભરતીની જાહેરાત**

**પ્રોજેક્ટ VISWAS** હેઠળ ગુજરાતમાં **7000થી વધુ CCTV કેમેરા**નું વિશાળ નેટવર્ક

નીતિ આયોગની તર્જ પર ગુજરાતમાં થિન્ક ટેન્ક **GRITની સ્થાપના**

તમામ પ્રકારની ઇમરજન્સી સેવાઓ માટે **હેલ્પલાઇન નંબર 112ની શરૂઆત**

મહેસૂલી કાયદાઓનું **સરળીકરણ**

**9 નગરપાલિકાઓને** મહાનગરપાલિકાનો દરજ્જો

### ઊર્જાવાન અને ઉદ્યમશીલ

**ગુજરાતને મળી કોમનવેલ્થ ગેમ્સ-2030ની યજમાની**, વૈશ્વિક કક્ષાનું સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રાજ્યમાં 24 સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ કાર્યરત


**ચાર સેમિકન્ડકટર પ્લાન્ટ્સ** થકી યુવાઓ માટે રોજગારની વિપુલ તકો

સ્ટાર્ટઅપ રેન્કિંગમાં **સતત ચાર વાર ગુજરાત બન્યું બેસ્ટ પર્ફોમર સ્ટેટ**

UNESCO એ જાહેર કર્યો **ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો'**

UNWTO દ્વારા ધોરડોને વિશ્વના **શ્રેષ્ઠ ટુરિઝ્મ વિલેજ** તરીકેનું સન્માન

જનજાતીય ગૌરવ દિનઃ **₹2 લાખ કરોડનું બજેટ સાથે જનજાતીય કલ્યાણ યોજનાની શરૂઆત**



"નિર્ણાયકતા અને સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે, ગુજરાતનો સર્વાંગી વિકાસ જ અમારો અટલ સંકલ્પ છે."

**- શ્રી હર્ષ સંઘવી**, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત